અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૯ ઓક્ટોબર ૨૦૨૫, ગુરુવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, આસો વદ ૦૩ | અંક : ૧૦૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત





Vibrant GUJARAT REGIONAL CONFERENCES
Regional Aspirations, Global Ambitions

## ઉત્તર ગુજરાત (મહેસાણા)





ભવ્ય ઉદ્ઘાટન

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

માનનીય મુખ્યમંત્રી, ગુજરાતના વરદ્હસ્તે

ગરિમામયી ઉપસ્થિતિ

## શ્રી અશ્વિની વૈષ્ણવ

માનનીય કેન્દ્રીય મંત્રી, રેલવે, માહિતી અને પ્રસારણ તથા ઇલેક્ટ્રોનિક્સ અને આઈટી, ભારત

**9 ઑક્ટોબર 2025, ગુરુવાર સવારે 09:45 વાગે ગણપત યુનિવર્સિટી, મહેસાણા, ગુજરાત**

### ઉત્તર ગુજરાતની ક્ષમતાઓ

**ઉદ્યોગ**
- ગુજરાતના મેન્યુફેક્ચરિંગ આઉટપુટમાં 5% યોગદાન
- સમર્પિત ફ્રેઈટ કોરિડોર અને DMIC (મહેસાણા, પાટણ, બનાસકાંઠા) અને MBSIR (મહેસાણા)ની હાજરી

**કૃષિ અને ખાદ્ય પ્રક્રિયા**
- ભારતમાં ઈસબગુલ પ્રોસેસિંગમાં 90% હિસ્સો
- ગુજરાતમાં બટાકાનું સૌથી વધુ (78%) ઉત્પાદન (બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી)
- એશિયાની સૌથી મોટી સહકારી ડેરી - બનાસ ડેરી, સાથે સાબર ડેરી અને દૂધસાગર ડેરીની ઉપસ્થિતિ
- એશિયાનું સૌથી મોટું મરી-મસાલા બજાર ઊંઝા, મહેસાણામાં

**હસ્તકલા**
- પાટણ - પટોળાં સાડીઓ અને સૂફ ભરતકામ માટે પ્રખ્યાત (GI ટેગ-બનાસકાંઠા)

**પ્રવાસન**
- આધ્યાત્મિક, વારસો, સરહદ-પર્યટનની ઉપલબ્ધતા

### કેન્દ્રિત ક્ષેત્રો

- કૃષિ, ડેરી અને ખાદ્ય પ્રક્રિયા
- એન્જિનિયરિંગ
- ગ્રીન એનર્જી ઇકોસિસ્ટમ
- પ્રવાસન અને સંસ્કૃતિ
- કૌશલ્ય વિકાસ
- સ્ટાર્ટઅપ્સ
- ઑટો અને ઑટો કોમ્પોનન્ટ્સ
- MSMEs

### કોન્ફરન્સની વિશેષતાઓ

- ઉદ્ઘાટન સમારોહ
- સેક્ટર-સ્પેસિફિક સેમિનાર
- રાષ્ટ્રવ્યાપી સેમિનાર
- પેનલ ચર્ચાઓ
- સીઈઓ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ
- વર્કશોપ એન્ડ ક્વિઝ
- B2B / B2G મીટિંગ્સ
- વિશેષ પ્રવાસ
- ઔદ્યોગિક ક્ષેત્રોની મુલાકાત
- પ્રાદેશિક પુરસ્કારો (MSMEs/કારીગર-કસબી)
- પ્રાદેશિક MSME કોન્ક્લેવ
- ટ્રેડ શો/પ્રદર્શન
- રિવર્સ બાયર-સેલર મીટિંગ
- ઉદ્યમી મેળો
- રાજ્ય સેમિનાર્સ
- વિક્રેતા વિકાસ કાર્યક્રમ
- સાંસ્કૃતિક કાર્યક્રમ
- સમાપન સત્ર

ફોલો કરો: vibrantgujarat vibrantgujarat vibrant_gujarat vibrantgujarat

ભાગીદાર સંસ્થા: icbc INDO CANADIAN BUSINESS CHAMBER, JETRO, US-INDIA

ભાગીદાર દેશ: જાપાન, દક્ષિણ કોરિયા, વિયેતનામ

વેબસાઇટ પર પહોંચવા માટે સ્કેન કરો | લૉકેશન પર પહોંચવા માટે સ્કેન કરો

iNDEXTb INDUSTRIAL EXTENSION BUREAU (A GOVT. OF GUJARAT ORGANISATION)
બ્લૉક નંબર 18, બીજો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર 11, ગાંધીનગર 382 010 (ગુજરાત) ભારત । ફોનઃ + 91-79-2325 6009, 2325 0492/93 । www.indextb.com
વેબસાઇટઃ www.vibrantgujarat.com । ઈમેઈલઃ vibrantgujarat.gov.in । હેલ્પલાઈન (+91 79 2324 000) હેલ્પલાઈન સંચાલનના દિવસ અને સમયઃ સોમવારથી શુક્રવાર, સવારે 11:00 થી સાંજે 6:00 વાગ્યા સુધી

# રાધનપુરમાં યુવક-યુવતીના પ્રેમ મામલામાં હંગામો

## સમગ્ર મામલે જ્યારે પોલીસ વચ્ચે પડી ત્યારે પોલીસ અને યુવતીના પરીવારજનો વચ્ચે ભારે ઝપાઝપી થઈ

। (એજન્સી) પાટણ, તા.૮ ।

પાટણમાં પ્રેમ મામલે મોટો હંગામો મચ્યો છે. પાટણના રાધનપુરમાં યુવક અને યુવતીનો પ્રેમ મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો. પોલીસ વાનમાં જયારે યુવક અને યુવતીને લઈ જઈ રહ્યા હતા ત્યારે પરિવાર દ્વારા મોટો હંગામો કરાયો. યુવતીનો પરીવારજનોએ આક્ષેપ કર્યો કે યુવક દીકરીને ભગાડીને લઈને જઈ રહ્યો છે. સમગ્ર મામલે જ્યારે પોલીસ વચ્ચે પડી ત્યારે પોલીસ અને યુવતીના પરીવારજનો વચ્ચે ભારે ઝપાઝપી થઈ. વધુ હદ ત્યારે થઈ જયારે એક વૃદ્ધાએ આ હંગામમાં એક પોલીસ મેનનો કોલર પકડયો.વૃદ્ધાની આ હરકતથી પોલીસ મેનનો પિત્તો ગયો. યુવતીની લઈને જનાર પોલીસ અધિકારી વધુ ક્રોધે ભરાયા. આ પોલીસ અધિકારીઓએ યુવતીના પરીવારજનોને ચેતવણી આપી. સખણા રહો નહીંતર બધાને અંદર કરી દઈશ. પોલીસ અને યુવતીની પરીવારજનો વચ્ચેની ઝપાઝપીનો આ વીડિયો સામે આવ્યો છે. જેમાં દેખાય છે કે કેવી રીતે યુવતીનો પરીવાજનો તેને રોકવા પ્રયાસ કરે છે. પરંતુ નિષ્ઠુર પોલીસ વાનમાં બેસાડીને યુવક અને યુવતીને લઈને જાય છે. યુવકે તેમની દિકરીને પ્રેમ જાળમાં ફસાવી હોવાનું પરીવારજનો રટણ કરી રહ્યા છે. અને તેમની દીકરીને યુવકની જાળમાંથી બહાર લાવવા પોલીસની મદદ માગે છે. ત્યારે પોલીસ જ દિકરીના ફસાવનાર યુવકને પનાહ આપતી હોય તેવું દેખાય છે.પ્રાપ્ત માહિતી મુજબ થોડા દિવસ અગાઉ ભીલોટ ગામનો યુવક આ વૃદ્ધ મહિલાની યુવતીને ભગાડી ગયો હતો. યુવતી ગુમ થતા પરીવારના લોકોએ તેની શોધખોળ કરી. ત્યારે જાણવા મળ્યું કે એક યુવક તેમની દીકરીને ભગાડી ગયો છે. યુવતીના પરીવારજનો યુવક સામે ફરિયાદ નોંધવાની તૈયારી કરતા હતા. દરમિયાન ગતરોજ ભીલોટ પોલીસ સ્ટેશન યુવક અને યુવતી પોલીસ સ્ટેશન હાજર થયા હતા. યુવતીના પરીવારજનોને પણ આ બાબતની જાણ થઈ અને પોલીસ સ્ટેશન પહોંચ્યા. પોલીસ સ્ટેશન ખાતે યુવતીના પરિવારજનો હંગામો મચાવ્યો. પોલીસ વાનમાં યુવક અને યુવતીને પૂછપરછ માટે લઈ જઈ રહ્યા હતા તે દરમિયાન યુવતીના પરિવારજનો એ હોબાળો મચાવ્યો. પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા મોરરદાન ગઢવી અને વૃદ્ધ મહિલા વચ્ચે ઝપાઝપી થઈ. વૃદ્ધ મહિલાએ પોલીસ કર્મીને કોલર પકડતા પોલીસ કર્મીએ પણ મહિલાના ગળા પર હાથ નાખ્યો. પોલીસ સ્ટેશનમાં મહિલા પોલીસ હોવા છતાં હંગામો દરમિયાન એક પણ મહિલા પોલીસ કર્મી હાજર ન રહી તે બાબત વધુ આશ્ચર્યજનક છે. હંગામો દરમિયાન પોલીસ કર્મી મોરરદાન ગઢવી દ્વારા મહિલાનો હાથ અને ગળાના ભાગે મહિલાઓને પકડીને દૂર કરી. સમગ્ર ઘટનાનો વીડિયો સામે આવ્યા બાદ લોકોમાં આક્રોશ જોવા મળ્યો.

## રણોલીમાં ગરબા વખતે એક્સ આર્મીમેન અને પંચાયતના સદસ્ય ઉપર તલવારથી હુમલો

। (એજન્સી) વડોદરા, તા.૮ ।

વડોદરા નજીક રણોલી ખાતે ગરબા દરમિયાન એક્સ આર્મીમેન અને હાલના પંચાયત સભ્ય ઉપર હુમલાનો પ્રયાસ થતા લોકોએ તેમને બચાવ્યા હતા. રણોલી સ્ટેશન પાસે કેવલ નગર સોસાયટીમાં રહેતા મનેષભાઈ રાજપૂતે પોલીસને કહ્યું હતું કે, હું આર્મીમાંથી નિવૃત્ત થયેલો છું અને હાલમાં ગ્રામ પંચાયતના સભ્ય તરીકે ફરજ બજાવું છું. નવરાત્રી દરમિયાન તા.૨જીએ રાત્રે જલારામ મંદિર પાસે અમે પરિવારના સભ્યો સાથે ગરબામાં હતા ત્યારે મધરાતે રણોલી ભાગોળ પાસે ઝઘડો થતો હોવાનું જાણવા મળતા હું ત્યાં પહોંચ્યો હતો. આ વખતે મધુ સોમાભાઈ સોલંકી (જય નારાયણ સોસાયટી, રણોલી ગામ) હાથમાં તલવાર સાથે ઉભો હતો. હું દેવાભાઈ સાથે વાત કરતો હતો ત્યારે મધુ સોલંકીએ અગાઉની અદાવત રાખી મારા પર તલવાર વડે ત્રણ વખત હુમલાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ લોકોએ તેને પકડી લેતા હું બચી ગયો હતો. તેણે મારી સાથે ઝપાઝપી પણ કરી હતી. જેથી પોલીસે ગુનો દાખલ કર્યો છે.

## ઈકો ચાલકે ટુ-વ્હીલર પર સવાર યુવકને અડફેટે લીધો

। (એજન્સી) કચ્છ, તા.૮ ।

કચ્છના મુન્દ્રામાં હિટ એન્ડ રનની એક ગંભીર ઘટના સામે આવી છે, જેમાં એક બેફામ કાર ચાલકે ટુ-વ્હીલર પર જઈ રહેલા યુવકને જોરદાર ટક્કર મારી હતી. આ સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે.પ્રાપ્ત માહિતી અનુસાર, આ ઘટના મુન્દ્રાના બારોઈ રોડ પર આવેલા મહાવીર સુપર સ્ટોર પાસેથી રાત્રિના સમયે બની હતી. એક યુવક પોતાના ટુ-વ્હીલર પર એક નાના બાળક સાથે યુ-ટર્ન લઈ રહ્યો હતો. તે જ સમયે, પૂરપાટ ઝડપે આવી રહેલી એક કારના ચાલકે તેને જોરદાર ટક્કર મારી હતી. કારની ટક્કર એટલી જોરદાર હતી કે, ટુ-વ્હીલર પર સવાર યુવક અને બાળક દૂર ફંગોળાયા હતા. આ અકસ્માતમાં ટુ-વ્હીલર ચાલક યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હતી.અકસ્માત થતાં જ આસપાસના લોકો ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા. જોકે, કાર ચાલક લોકો ભેગા થતા જોઈને ગભરાઈ ગયો હતો અને ઘટનાસ્થળેથી ભાગી જવાનો પ્રયાસ કર્યો હતો. તેણે રિવર્સમાં કાર લઈને ફરાર થવાની કોશિશ કરી, પરંતુ ગતિ અને ગભરામણના કારણે કાર ડિવાઈડર સાથે અથડાઈ હતી, જેના કારણે કારનું ટાયર ફાટી ગયું હતું. કારનું ટાયર ફાટ્યા બાદ પણ ઈકો ચાલકે ભાગવાનો પ્રયત્ન ચાલુ રાખ્યો હતો, પરંતુ સ્થાનિક લોકોએ સતર્કતા દાખવી તેનો પીછો કર્યો અને તેને પકડી પાડ્યો હતો. આખરે, સ્થાનિકોએ હિટ એન્ડ રન કરનાર કાર ચાલકને પકડી પાડી પોલીસને હવાલે કર્યો હતો.

### છ મહિના પહેલા લગ્નમાં ઘર વખરી અને દહેજમાં દાગીના પણ આપેલા

## ઇસનપુરમાં સાસરીના ત્રાસથી કંટાળી મહિલાનો વિડિયો રેકોર્ડ કરી આપઘાત

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

ઈસનપુરમાં રહેતી મહિલાએ સાસરીના અસહ્ય ત્રાસથી કંટાળીને આત્મહત્યા કરી હતી. મહિલાના લગ્ન છ પહેલા થયા ત્યારે દહેજમાં ઘર વખરી અને દાગીના પણ આપ્યા હતા તેમ છતાં સાસરીયા દ્વારા સોનાની ચેઈન લાવવાની દબાણ કરવામાં આવતું હતું. બીજી તરફ તબિયત સારી ના હોવાથી ઘરનું કામ કરી શકતી ન હતી તો માટો બાપની દિકરી કહીને મહેણાં મારીને મારઝૂડ કરીને માનસિક તેમજ શારિરીક ત્રાસ આપતા હોવાથી આખરે કંટાળીને મહિલાએ ૧૦ દિવસ પહેલા આપઘાત કર્યો હતો. આ બનાવ અંગે ઈસનપુર પોલીસે પતિ સહિત ત્રણ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.સારવાર માટે પિયર ગઇ તો મહિના પહેલા સારવાર કરાવવાનું કહી પતિ તેડી આવ્યા કામ ના કરી શકતા : મોટા બાપની દિકરી કહીને માનસિક શારિરીક ત્રાસ આપતાઉત્તર પ્રદેશના યુવકે ઈસનપુરમાં રહેતા જમાઈ સહિત ત્રણ લોકો સામે ફરિયાદ નોંધાવી છે કે તેમની ૨૧ વર્ષની દિકરીના લગ્ન સમાજના રિતી રિવાજ મુજબ તા.૨૬-૦૩-૨૫ના રોજ થયા હતા, લગ્નના એક મહિના સુધી સારી રીતે રાખતા હતા ત્યારબાદ નારોલમાં રહેતા જો કે તેમની દિકરીની તબિયત સારી રહેતી ન હોવાથી ઈસનપુરમાં રહેવા આવ્યા હતા ત્યાં પણ તબિયત સારી રહેતી ન હોવાથી ઘરનું કામકાજ કરી શકતી ન હતી જેથી સાસરીયા દ્વારા તું મોટા બાપની ઓલાદ છે તેમ છતાં દહેજમાં કંઇ લાવી નથી કહીને મહેણાં મારતા હતા.ફરિયાદી પિતા સારવાર કરવા માટે દિકરીને ઓગષ્ટ માસમાં પિયરમાં લઈ ગયા હતા. તા. ૦૨-૦૯-૨૫ના રોજ પતિ સારવાર કરાવવાનું કહીને અમદાવાદ લઈને આવ્યા હતા, જો કે તબિયત સારી ના હોવાથી ઘરનું કામ કરી શકતી ન હતી તો માટો બાપની દિકરી કહીને મહેણાં મારીને મારઝૂડ કરીને માનસિક તેમજ શારિરીક ત્રાસ આપતા હોવાથી આખરે કંટાળીને મહિલાએ તા.૨૬-૦૯-૨૫ના રોજ આપઘાત કર્યો હતો. આ ઘટના અંગે ઈસનપુર પોલીસે પતિ સહિત ત્રણ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કમળો અને ટાઇફોઇડ પણ સક્રિય

## વડોદરા શહેરમાં રોગચાળાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું

। (એજન્સી) વડોદરા, તા.૮ ।

વડોદરા શહેરમાં હાલ રોગચાળાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે, જેના કારણે આરોગ્ય વિભાગની ચિંતામાં વધારો થયો છે. છેલ્લા માત્ર ૪૮ કલાકમાં નોંધાયેલા આંકડાઓ ભયજનક સ્થિતિ તરફ ઈશારો કરે છે. શહેરમાં સૌથી વધુ ચિંતાજનક કેસ ડેન્ગ્યુના છે, જેમાં બે દિવસમાં ૨૦૮ શંકાસ્પદ કેસ નોંધાયા છે, જેમાંથી ૫ કેસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આટલી મોટી સંખ્યામાં શંકાસ્પદ કેસ નોંધાવા એ સ્પષ્ટ સંકેત આપે છે કે શહેરમાં મચ્છરજન્ય રોગોનો ઉપદ્રવ ખૂબ જ વકર્યો છે. આ સ્થિતિને કાબૂમાં લેવા માટે મહાનગરપાલિકા દ્વારા તાત્કાલિક ધોરણે પગલાં લેવા જરૂરી બન્યા છે.ડેન્ગ્યુ ઉપરાંત અન્ય મચ્છરજન્ય રોગો પણ વડોદરાને ભરડામાં લઈ રહ્યા છે. આ સમયગાળા દરમિયાન ચિકનગુનિયાના ૩૦ શંકાસ્પદ કેસ પણ નોંધાયા છે. જ્યારે, મેલેરિયાના કેસોની સંખ્યા તો અન્ય તમામ રોગો કરતાં પણ વધારે છે. ૪૮ કલાકમાં જ ૧૮૨૩ શંકાસ્પદ મેલેરિયાના કેસ સામે આવ્યા છે, જોકે તેમાંથી માત્ર ૧ કેસ પોઝિટિવ નોંધાયો છે, પરંતુ શંકાસ્પદ કેસોનો આ જંગી આંકડો મચ્છરોના નિવારણ પર સવાલ ઉઠાવે છે. આ આંકડાઓ દર્શાવે છે કે શહેરમાં પાણી ભરાવા અને સ્વચ્છતાના અભાવને કારણે મચ્છરોનો ઉપદ્રવ ચરમસીમાએ પહોંચ્યો છે.મચ્છરજન્ય રોગોની સાથે સાથે જળજન્ય રોગો અને અન્ય બીમારીઓ પણ શહેરમાં સક્રિય બની છે. છેલ્લા ૪૮ કલાકમાં કમળા (Hepatitis)ના ૪૮ શંકાસ્પદ કેસ નોંધાયા છે, જેમાંથી ૧ કેસ પોઝિટિવ આવ્યો છે. જ્યારે, દૂષિત પાણી કે ખોરાક દ્વારા ફેલાતા ટાઈફોઈડ (Typhoid)ના પણ ૮૭ શંકાસ્પદ કેસ નોંધાયા છે, જેમાંથી ૧ કેસ પોઝિટિવ આવ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા શહેરના નાગરિકોને ઉકાળીને પાણી પીવા, ઘરની આસપાસ પાણી ન ભરાવા દેવા અને સ્વચ્છતા જાળવવા માટે સખત અપીલ કરવામાં આવી છે.

### સંચાલિકા સાથે ઝપાઝપી

## સ્પામાં રાતે મસાજ કરાવવા જીદે ચડેલા બે પીધેલા મિત્રોએ ધાંધલ મચાવી

। (એજન્સી) વડોદરા, તા.૮ ।

વડોદરા સમા વિસ્તારમાં આવેલા એક સ્પામાં મસાજ કરવા માટે આવેલા બે પીધેલા મિત્રોએ ભારે ઉત્પાત મચાવતા તેમને પોલીસને હવાલે કરવામાં આવ્યા હતા. ભાયલીના સેન્ટર એપાર્ટમેન્ટમાં રહેતા મહારાષ્ટ્રના મીનલબેન વિલ્સને પોલીસને કહ્યું છે કે સમા સાવલી રોડ પર નાઈન સ્ક્વેર ખાતે મારું સ્પા આવેલું છે. જેમાં મસાજ કરાવવા માટે ગઈકાલે મોડી રાત્રે બે જણા આવ્યા હતા. પરંતુ સ્પા બંધ કરવાનો સમય હોવાથી મેનેજરે સર્વિસ આપવાનો ઈન્કાર કર્યો હતો. જેથી બંને જણા ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળા ગાળી કરવા માંડ્યા હતા. જેથી મહિલા સ્ટાફ પણ બહાર આવી ગયો હતો. હું પણ સ્પા પર આવી ગઈ હતી અને તે વખતે બંને જણાએ મસાજ તો કરી જ આપવી પડશે.. નીચે આવ હું જોઈ લઈશ અહીં ધંધો નહીં કરવા દઈએ... તેમ કહી મારી સાથે ઝપાઝપી કરી ધમકીઓ આપી હતી અને પાર્કિંગમાં જઈ મોટે મોટેથી બુમરાણ મચાવતા હતા. આ વખતે પોલીસને જાણ કરતા સમા પોલીસની ટીમ આવી ગઈ હતી અને દારૂના નશામાં ચકચૂર એવા ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતા લાલચંદ શ્યામલાલ પાલ (રહે સુદામા પૂરી સોસાયટી,ન્યુ સમા રોડ) તેમજ રીયલ એસ્ટેટના વ્યવસાય સાથે સંકળાયેલા મહેન્દ્ર છગનભાઈ મકવાણા (શાંતિ મંગલ સોસાયટી, ન્યુ સમા રોડ) ની ધરપકડ કરી હતી. બંને સામે દારૂ બંધીના ભંગ તેમજ ધમકીઓ આપી ધાંધલ મચાવવા બદલ અલગ-અલગ ગુના દાખલ કરવામાં આવ્યા હતા.

### વિદ્યાર્થીઓ માટે ખુશખબર

## શાળાના વિદ્યાર્થીઓ માટે દિવાળી વેકેશન ૨૦૨૫ની તારીખોની જાહેરાત થઈ

। (એજન્સી) ગાંધીનગર, તા.૮ ।

ગુજરાત રાજ્યની શાળાઓમાં આ વર્ષે દિવાળી વેકેશન ૨૧ દિવસનું નક્કી કરાયું છે. જોકે, આ વખતનું વેકેશન માધ્યમિક અને પ્રાથમિક શાળાઓમાં એક દિવસના તફાવત સાથે શરૂ અને પૂરું થશે. માધ્યમિક શાળાઓમાં વેકેશન ૧૬મી ઓક્ટોબરથી શરૂ થઈ ૫મી નવેમ્બર સુધી રહેશે, જ્યારે પ્રાથમિક શાળાઓમાં ૧૭મી ઓક્ટોબરથી શરૂ થઈ ૬ઠ્ઠી નવેમ્બર સુધી ચાલશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા આદેશ મુજબ, રાજ્યની તમામ માન્ય માધ્યમિક શાળાઓમાં ૧૬ ઓક્ટોબરથી ૫ નવેમ્બર સુધી ૨૧ દિવસનું દિવાળી વેકેશન જાહેર કરાયું છે. તે જ સમયે, રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા અલગથી જાહેર કરાયેલા પરિપત્ર મુજબ, પ્રાથમિક શાળાઓમાં ૧૭ ઓક્ટોબરથી ૬ નવેમ્બર સુધી વેકેશન રહેશે.

છેલ્લા ઘણાં વર્ષોથી રાજ્યની તમામ શાળાઓમાં દિવાળી અને ઉનાળું વેકેશન એકસાથે શરૂ થતું અને એકસાથે પૂરું થતું હતું. પરંતુ આ શૈક્ષણિક વર્ષથી આ પરંપરા તૂટશે. માધ્યમિક શાળાઓમાં વેકેશન એક દિવસ વહેલું શરૂ થવાથી વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે થોડો તફાવત રહેશે.

વિભાગના અધિકારીઓ મુજબ, માધ્યમિક બોર્ડના શૈક્ષણિક કેલેન્ડર મુજબ પરીક્ષા અને ટર્મનાં કાર્યક્રમને ધ્યાને રાખીને વેકેશનનો સમયગાળો નક્કી કરાયો છે. જ્યારે પ્રાથમિક શિક્ષણ વિભાગે અલગ ધોરણે પોતાના શૈક્ષણિક સમયપત્રક મુજબ તારીખો જાહેર કરી છે.

દિવાળી વેકેશન બાદ તમામ શાળાઓમાં નવેમ્બર મહિનાથી નિયમિત અભ્યાસક્રમ ફરી શરૂ થશે. શિક્ષણ વિભાગે જિલ્લા શિક્ષણાધિકારીઓને સૂચના આપી છે કે, વેકેશન પૂર્ણ થતાં જ તમામ શાળાઓમાં સમયસર હાજરી અને હાજરી રજિસ્ટરની ચકાસણી કરવાની રહેશે. સત્તાવાર રીતે સ્પષ્ટ કરાયું છે કે, વેકેશન દરમિયાન કોઈ શાળાઓ ‘‘એક્ટિવિટી ક્લાસ’’ અથવા અન્ય પ્રવૃત્તિઓ યોજશે તો તેની પૂર્વ મંજૂરી ફરજિયાત રહેશે.

દિવાળી વેકેશનની તારીખો (૨૦૨૫–૨૬): માધ્યમિક શાળાઓ: ૧૬ ઓક્ટોબરથી ૫ નવેમ્બર, પ્રાથમિક શાળાઓ: ૧૭ ઓક્ટોબરથી ૬ નવેમ્બર, કુલ વેકેશન સમયગાળો: ૨૧ દિવસ

## ભરૂચમાં આડાસંબંધની આશંકાએ પિતા-પુત્રએ યુવકને માર માર્યો

। (એજન્સી) ભરૂચ, તા.૮ ।

વડાદલા તાલુકામાં જીએનએફસીના ગેટની પાછળ રહેતા ભરતભાઈ વસાવા છૂટક મજૂરી કરે છે. તેમણે નોંધાવેલી ફરિયાદમાં કહ્યું હતું કે, ગઈકાલે રાત્રે પટેલ ફળિયામાં રહેતા હેમિષાબેન (નામ બદલ્યું છે)એ મારી પાસે મકાનનુ બાકી ભાડું માંગતા સંબંધી પાસેથી રૂ.૧૫૦૦ ઉછીના લઈ ભાડું આપવા માટે તેમના ઘરે ગયો હતો. ભાડું આપી તેમના ઘરમાં બેસી વાતચીત કરતો હતો. તે વખતે હેમિષાબેનના પતિ બાબુભાઈ અને પુત્ર સુમિત વતન મધ્યપ્રદેશથી પરત આવી પહોંચતા હેમિષાબેન સાથે મારા આડા સંબંધની શંકાએ પિતા પુત્રએ મને ગાળો આપી માર માર્યો હતો. અને ઘરની આજુબાજુ દેખાશે તો ટાંટિયા તોડી નાખવાની ધમકી આપી હતી. ઉપરોક્ત ફરિયાદના આધારે ભરૂચ સી ડિવિઝન પોલીસે પિતા-પુત્ર વિરુદ્ધ મારામારી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# અમદાવાદ જિલ્લા પંચાયત દ્વારા શરૂ કરાયેલ ‘ઘાસચારા સ્વાવલંબી પશુપાલક યોજના’ બની પશુપાલકોના આર્થિક સશક્તિકરણની યોજના

## વિકાસ સપ્તાહ - સાફલ્યગાથા - અમદાવાદ જિલ્લો, ઘાસચારા સ્વાવલંબી પશુપાલક યોજના દ્વારા અમદાવાદ જિલ્લાના પશુપાલકો બન્યા સ્વાવલંબી અને આત્મનિર્ભર

। (માહિતી) અમદાવાદ ।

રાજ્યની વિકાસયાત્રા હવે માત્ર શહેરી માળખાકીય સુવિધાઓ પૂરતી જ સીમિત ન રહેતા ગ્રામીણ અર્થતંત્રના મૂળભૂત આધાર એવા પશુપાલકોના આર્થિક સશક્તિકરણ પર પણ કેન્દ્રિત થઈ છે.

પશુપાલન વ્યવસાયમાં ઘાસચારાની ખરીદી પાછળ થતો મોટો ખર્ચ હંમેશા પશુપાલકો માટે એક પડકાર રહ્યો છે. આ પડકારને તકમાં બદલવા માટે, અમદાવાદ જિલ્લા પંચાયતે વર્ષ ૨૦૨૧-૨૨માં સ્વભંડોળની ગ્રાન્ટમાંથી ‘ઘાસચારા સ્વાવલંબી પશુપાલક યોજના’ શરૂ કરીને એક ક્રાંતિકારી પગલું ભર્યું છે.





આ યોજનાનો મુખ્ય હેતુ પશુપાલકોને પોતાના ખેતરમાં જ ઉત્તમ ગુણવત્તાનું ગજરાજ ઘાસ ઉગાડવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. આના થકી, પશુપાલકો પોતાના પશુધનને ઉત્તમ પોષણ આપીને ખર્ચમાં બચત કરી શકે છે અને સાથે સાથે વધારાની આવક પણ ઊભી કરી શકે છે. વળી, ગજરાજ ઘાસનું ઉત્પાદન પાંચ વર્ષ સુધી સતત લઈ શકાય છે, જે આર્થિક સ્થિરતાની ગેરંટી આપે છે. આ યોજના પશુપાલકોના વિકાસ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે.

દસક્રોઈના વિક્રમસિંહની ખર્ચમાંથી મુક્તિ મેળવીને કમાણી કરતા થયા

આ યોજનાના સફળ લાભાર્થીઓમાં દસક્રોઈ તાલુકાના પલડી-કાંકજ ગામના નિવાસી ચૌહાણ વિક્રમસિંહ જામસિંહનું નામ પ્રેરણારૂપ છે. વિક્રમસિંહનો પરિવાર કુલ ૮ પશુઓ પર નિર્ભર છે. યોજનામાં જોડાતા પહેલા વિક્રમસિંહની આર્થિક સ્થિતિ પર ઘાસચારાના ખર્ચનું મોટું ભારણ રહેતું હતું. તેમના ૮ પશુઓ માટે પ્રતિ પશુ દૈનિક ૨૦ કિલો લીલા ઘાસચારાની જરૂરિયાત મુજબ, તેમને દરરોજ ૧૬૦ કિલો ઘાસચારાની જરૂર પડતી હતી. આનો અર્થ એ થયો કે, તેમની માસિક જરૂરિયાત ૪,૮૦૦ કિલો (૧૬૦ કિલો ૮ ૩૦ દિવસ) અને વાર્ષિક જરૂરિયાત ૫૭,૬૦૦ કિલો (૪૮૦૦ કિલો ૮ ૧૨ મહિના) હતી. આટલા મોટા જથ્થાની ખરીદી પાછળ થતો વાર્ષિક ખર્ચ તેમના નફાના મોટા ભાગનું શોષણ કરી લેતો હતો.

★વિક્રમસિંહને મળ્યો યોજનાનો લાભ અને ડબલ આર્થિક ફાયદો:

અમદાવાદ જિલ્લા પંચાયતના માર્ગદર્શન અને સબસીડીના સહયોગથી, વિક્રમસિંહે પોતાના ખેતરમાં ગજરાજ ઘાસનું સફળ વાવેતર કર્યું. આના પરિણામે, તેમનું આર્થિક ચિત્ર સંપૂર્ણપણે બદલાઈ ગયું

ખર્ચમાં બચત: તેઓ હવે પોતાના ૮ પશુઓ માટે જરૂરી ૫૭,૬૦૦ કિલો ઘાસચારો જાતે જ ઉત્પન્ન કરે છે. આનાથી ઘાસચારાની ખરીદી પાછળ થતો તેમનો વાર્ષિક ખર્ચ સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે. આ ખર્ચમુક્તિ એ જ તેમની પ્રથમ અને સૌથી મોટી કમાણી બની છે.

વધારાની આવક: પોતાના પશુઓની જરૂરિયાત પૂરી કર્યા બાદ, વિક્રમસિંહ ગજરાજ ઘાસના વધારાના સ્ટમ્પનું વેચાણ અન્ય પશુપાલકોને કરે છે. આ પ્રવૃત્તિ થકી તેમને નોંધપાત્ર વધારાની આવક થાય છે, જે પશુપાલનમાંથી થતા નિયમિત નફામાં ઉમેરાય છે અને તેમને લાખોની કમાણી તરફ દોરી જાય છે. આ બમણા લાભે વિક્રમસિંહના પરિવારને સાચા અર્થમાં સ્વાવલંબી બનાવ્યો છે.

ધોળકાના અશ્વિનભાઈન પણ યોજનાના લાભથી બન્યા આત્મનિર્ભર

વિક્રમસિંહની જેમ જ ધોળકા તાલુકાના અન્ય લાભાર્થી શ્રી અશ્વિન પટેલ પણ આ યોજના થકી આર્થિક રીતે સશક્ત બન્યા છે. અશ્વિનભાઈ હવે પોતાના પશુઓ માટે બજારમાંથી ઘાસચારો ખરીદવાની ચિંતામાંથી મુક્ત છે. પોતાના ખેતરમાં જ ઉગાડેલા ઉત્તમ પોષક તત્ત્વોવાળા ઘાસના ઉપયોગથી તેમના પશુઓની તંદુરસ્તી સુધરી છે અને તેના પરિણામે દૂધ ઉત્પાદન અને ગુણવત્તામાં પણ વધારો થયો છે. ગજરાજ ઘાસની પાંચ વર્ષની લાંબી ઉત્પાદન ક્ષમતાના કારણે, અશ્વિનભાઈને આગામી ઘણા વર્ષો સુધી ઘાસચારાની સ્થિરતાની ગેરંટી મળી છે. અમદાવાદ જિલ્લા પંચાયતની આ ‘ઘાસચારા સ્વાવલંબી પશુપાલક યોજના’ સ્પષ્ટ દર્શાવે છે કે, સરકારી યોજનાઓ કેવી રીતે ગ્રામીણ પશુપાલકોની જીવનશૈલી અને આર્થિક વિકાસને સુનિશ્ચિત કરીને છેવાડાના માનવીના વિકાસના ઉદ્દેશ્યને સાર્થક કરી રહી છે. વિક્રમસિંહ અને અશ્વિનભાઈ જેવા લાભાર્થીઓની આ સફળતાની ગાથા અમદાવાદ જિલ્લાના વિકાસ મોડેલનો જીવંત પુરાવો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## તંત્રી લેખ...

# આયરલેન્ડમાં ભારતીય મૂળની ૬ વર્ષની બાળકી પર હુમલો કરાયો

ભારતીય મૂળની ૬ વર્ષની એક બાળકી પર આયર્લેન્ડના વોટરફોર્ડ શહેરમાં વંશીય હુમલો કરવામાં આવ્યો હતો. સોમવારે (૪ ઓગસ્ટ) સાંજે ઘરની બહાર રમતા સમયે અમુક છોકરાઓએ તેને ઘેરીને 'ગો બેક ટુ ઈન્ડિયા' કહીને ઢોર માર માર્યો. એવો પણ આરોપ લગાવવામાં આવી રહ્યો છે કે, તેમણે બાળકીના પ્રાઈવેટ પાર્ટ પર સાઈકલ મારી અને તેના ચહેરા પર પણ મુક્કા માર્યા હતા. ઘટનાના સમયે બાળકની માતા અને પોતાના ૧૦ મહિનાના દીકરાને દૂધ પીવડાવવા માટે ઘરની અંદર ગઈ હતી. બાળકીની માતાએ જણાવ્યું કે, મારી નજર બહાર હતી, પરંતુ જ્યારે નાનો દીકરો રડવા લાગ્યો તો હું થોડો સમય અંદર ગઈ. ત્યારબાદ મારી દીકરી રડતા-રડતા ઘરમાં આવી પરંતુ કંઈ બોલી ન શકી. થોડીવાર પછી તેની એક મિત્રએ જણાવ્યું કે, આશરે ૧૨થી ૧૪ વર્ષના પાંચ છોકરાઓએ તેના ચહેરા પર મુક્કા માર્યા અને સાઈકલનું પૈડું પ્રાઈવેટ પાર્ટમાં માર્યું. અન્ય એક ૮ વર્ષની છોકરી પણ આ ઘટનાનો ભોગ બની હતી. હુમલો કરનાર બાળકો સતત મારી દીકરીને ગંદી ગાળો ભાંડતા હતા. મળતી માહિતી મુજબ, બાળકીની માતા વ્યવસાયે નર્સ છે અને છેલ્લાં આઠ વર્ષથી આયર્લેન્ડમાં રહે છે, હાલમાં જ તે આયરિશ નાગરિક બની છે. તેણે કહ્યું કે, 'હવે અમે અહીં સુરક્ષિત અનુભવ નથી કરી રહ્યા.

## જાહેર કરવામાં આવેલ રજાઓ

સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણે લીધેલ જાહેરનામાથી કેલેન્ડર વર્ષ, ૨૦૨૫ માટે જાહેર રજાઓ જાહેર કરવામાં આવેલ છે; તે મુજબ તા. ૨૦/૧૦/૨૦૨૫, સોમવારના રોજ દિવાળીની જાહેર રજા, તા. ૨૨/૧૦/૨૦૨૫, બુધવારના રોજ નૂતન વર્ષ દિન નિમિત્તે જાહેર રજા, તા. ૨૩/૧૦/૨૦૨૫ના રોજ ગુરૂવારે ભાઈબીજ નિમિત્તે જાહેર રજા આવે છે, ત્યારબાદ તા. ૨૫/૧૦/૨૦૨૫ના રોજ ચોથા શનિવાર તથા તા. ૨૬/૧૦/૨૦૨૫ના રોજ રવિવારની જાહેર રજા આવે છે; જ્યારે આ રજાઓ વચ્ચે તા. ૨૧/૧૦/૨૦૨૫, મંગળવાર તથા તા. ૨૪/૧૦/૨૦૨૫, શુક્રવારના રોજ સરકારી કચેરીઓ ચાલુ છે. દિવાળી પર્વમાં સરકારી અધિકારી / કર્મચારીઓ પોતાના વતનમાં પરિવાર સાથે તહેવારની ઉજવણી કરી શકે તે હેતુસર તા. ૨૧/૧૦/૨૦૨૫, મંગળવાર તથા તા. તા. ૨૪/૧૦/૨૦૨૫, શુક્રવારના રોજ તમામ સરકારી કચેરીઓ (પંચાયત અને રાજ્ય સરકારના બોર્ડ / કોર્પોરેશન સહિત) બંધ રહેશે અને તેના બદલામાં તા. ૦૮/૧૧/૨૦૨૫, બીજો શનિવાર તથા તા. ૧૩/૧૨/૨૦૨૫, બીજા શનિવારના રોજ આ તમામ કચેરીઓ ચાલુ રહેશે. આ હુકમો ગુજરાત સરકારની બધી કચેરીઓને તથા રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ / કોર્પોરેશન તેમજ પંચાયત કચેરીઓને પણ લાગુ પડશે.


### શ્રાવણ સુદ પૂનમને દિવસે બળેવ નો તહેવાર પણ હોય છે, એટલે કે બ્રાહ્મણો આ દિવસે જનોઈ બદલે છે

# રક્ષાનાં બંધનથી બંધાયેલ શ્રીકૃષ્ણ એ દ્રૌપદીનું ચીરહરણ થયુ ત્યારે તેની લાજ બચાવી હતી



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આથી કૌરવોએ ભરી સભામાં દ્રૌપદીનાં ચીર ખેંચ્યા,અને શ્રીકૃષ્ણ એ સમયે આવી અને તેનું રક્ષણ કર્યું. ત્યારથી આ ભાઈ બહેનના પવિત્ર સંબંધને દર્શાવતો રક્ષાબંધનનો તહેવાર ઉજવવામાં આવે છે. આ ઉપરાંત કહેવાય છે કે માતા કુંતીએ પણ પોતાના પૌત્ર અભિમન્યુને રાખડી બાંધી હતી, અને તેને કારણે અભિમન્યુ ચક્રવ્યૂહના કોઠામાંથી પસાર થઈ શક્યો.**



આજે શ્રાવણ સુદ પૂનમ રક્ષાબંધન અને નાળિયેરી પૂનમ નામે ઓળખાતો તહેવાર છે. આપણે ત્યાં હિન્દુ સંસ્કૃતિમાં ભાઈ-બહેનનાં પવિત્ર સ્નેહને દર્શાવતું ને ઉત્તરોત્તર પ્રેમ વધારતું આ એક અનેરું પર્વ છે, જેમાં બહેન પોતાનાં ભાઈનાં હાથે રક્ષાસૂત્ર એટલે કે રાખડી બાંધે છે. ભાઈ પરનાં અતૂટ વિશ્વાસથી રાખડી બાધે છે. આ ઉપરાંત બહેન ભાઈનાં કપાળમાં તિલક કરી પોતાના ભાઈનું જીવન સદાય સુખી અને આનંદ ભર્યું રહે, શરીર સ્વસ્થ રહે, તેમજ જીવનનાં દરેક મુકામે સફળતા પ્રાપ્ત કરે, એવાં આશિષ વરસાવે છે. બહેન પ્રત્યે ભાઈને કાયમ સ્નેહભરી લાગણી હોય છે, અને બહેનને પણ પોતાનાં ભાઈથી વધુ કંઈ જ હોતું નથી. આવા નિર્દોષ નિખાલસ અને અનન્ય પ્રેમનું પર્વ એટલે રક્ષાબંધન. આ વર્ષની રક્ષાબંધન એક અનન્ય સંયોગ લઈને આવી છે, એટલે કે પંચક પણ નથી અને ભદ્રાનો ઓછાયો પણ નથી. ઉપરાંત પાંચ શુભ યોગ પણ છે, ૧૦૦ વર્ષ બાદ શ્રવણ નક્ષત્રમાં સૂર્ય ચંદ્રનું સંયોજન આ રીતે થઈ રહ્યું છે. ૧૯૨૫ ની રક્ષાબંધન પણ આવો જ શુભ સંયોગ લઈને આવી હતી. સૂર્ય શનિ નવપંચમ, મંગળ શનિ પ્રતિયુતિ, સમસપ્તક યોગ, મિથુન રાશિમાં ગજ કેસરી યોગ બને છે અને, મંગળ રાહુ સાથે ષડાષ્ટક યોગ બની રહ્યો છે. દરિયા કિનારાનાં માછીમાર ભાઈઓ દરિયાદેવની નાળિયેરથી પૂજા કરે છે, અને બહેનો પોતાનાં માછીમાર ભાઈઓને રાખડી બાંધે છે. ભારતમાં રક્ષાબંધન શું કામ મનાવવામાં આવે છે? એનાં કોઈ ચોક્કસ કારણો મળતાં નથી. પરંતુ પુરાણો સાથે ક્યાંક તેની વાત જોડાયેલી છે ખરી.

રક્ષાબંધનનો તહેવાર આમ તો દ્વાપર યુગથી શરૂ થયો હશે, કારણ કે કૃષ્ણના જીવન સાથે એના છેડા અડેલા છે. શ્રીકૃષ્ણના કાકી શ્રુત દેવી એ એક પુત્રને જન્મ આપ્યો જે દેખાવે ખૂબ જ વિચિત્ર હતો. તેને ચાર હાથ અને ત્રણ આંખ હતી, તેના જન્મ સમયે જ ભવિષ્યવાણી કે આકાશવાણી થઈ અને કહેવામાં આવ્યું કે આ બાળકને જેનાં સ્પર્શથી સુંદર દેખાવ પ્રાપ્ત કરશે, એના જ હાથે તેનું મૃત્યુ પણ થશે. એકવાર શ્રીકૃષ્ણ શ્રુતદેવીનાં ઘરે જાય છે, અને નાનાં શિશુપાલને પોતાના હાથેથી તેડી લે છે, બરાબર એ જ સમયે બાળક સુંદર દેદીપ્યમાન સ્વરૂપ ધારણ કરે છે, અને તેના કાકી એટલે કે શ્રુતદેવી ખૂબ જ રાજી થઈ જાય છે. પરંતુ આકાશવાણી યાદ આવતાં તેને થાય છે કે મારા પુત્રનું મૃત્યુનું કારણ પણ શ્રીકૃષ્ણ બનશે, આથી તે પોતાનાં પુત્રની સલામતી માટે શ્રીકૃષ્ણને પ્રાર્થના કરે છે, અને કહે છે કે મારા પુત્રનું આયુષ્ય તમારે હાથે છે, તો ક્ષમા કરો. શ્રીકૃષ્ણ કાકીને વચન આપે છે કે, હું ૧૦૦ ભૂલ સુધી માફ કરીશ, પરંતુ ૧૦૧મી ભૂલે તેનો વધ થશે. શિશુપાલ ધીરે ધીરે મોટો થતો જાય છે, અને એક અત્યંત ક્રૂર વ્યક્તિ બને છે. જે આગળ જઈને એક રાજા પણ બને છે, જ્યાં તે તેની પ્રજા પર ખૂબ જ ત્રાસ ગુજારે છે,અને પ્રજાને ચૂપચાપ તેનો ત્રાસ સહન કરવો પડે છે. આ ઉપરાંત તે શ્રીકૃષ્ણને વારંવાર પડકાર કરે છે. એક વખત રાજસભામાં શિશુપાલ પોતાની હદ પાર કરી જાય છે, અને શ્રીકૃષ્ણની ખૂબ નિંદા કરે છે. ૧૦૦ વાર સુધી શ્રીકૃષ્ણ તેને માફ કરે છે પરંતુ ૧૦૧ મી વારે શ્રીકૃષ્ણ સુદર્શનચક્રથી શિશુપાલનું મસ્તક છેદી નાખે છે, અને ક્રોધમાં તેની આંગળી પણ છેદાઈ જાય છે. ત્યાં હાજર લોકો શ્રીકૃષ્ણની આંગળી પર બાંધવા પાટો શોધવા દોડાદોડ કરે છે, પરંતુ બાજુમાં જ ઊભેલી દ્રૌપદી કંઈ પણ વિચાર્યા વગર પોતાની સાડી ફાડી અને તે શ્રીકૃષ્ણને બાંધી આપે છે, એટલે શ્રીકૃષ્ણ કહે છે, બહેન તેં મારી રક્ષા કરી છે, હું પણ સમયે તમારી રક્ષા કરીશ. એક દિવસ કૌરવ-પાંડવો ધૃત ક્રીડા કરી રહ્યાં હતાં, અને પાંડવોની હાર પર હાર થતી હતી. પાંડવો એ દ્રૌપદીને દાવ પર રાખી દીધી, અને હારી ગયાં. આથી કૌરવોએ ભરી સભામાં દ્રૌપદીનાં ચીર ખેંચ્યા,અને શ્રીકૃષ્ણ એ સમયે આવી અને તેનું રક્ષણ કર્યું. ત્યારથી આ ભાઈ બહેનના પવિત્ર સંબંધને દર્શાવતો રક્ષાબંધનનો તહેવાર ઉજવવામાં આવે છે. આ ઉપરાંત કહેવાય છે કે માતા કુંતીએ પણ પોતાના પૌત્ર અભિમન્યુને રાખડી બાંધી હતી, અને તેને કારણે અભિમન્યુ ચક્રવ્યૂહના કોઠામાંથી પસાર થઈ શક્યો.

એકવાર દેવો અને દાનવો વચ્ચે ખૂબ જ લાંબું મહાયુદ્ધ ચાલ્યું હતું, કહેવાય છે કે બાર વર્ષ સુધી આ યુદ્ધ ચાલ્યું, અને દેવતાઓ ચિંતિત થઈ ગયાં, કારણ મોટાભાગના દાનવો વરદાનથી આરક્ષિત હતાં, અને દેવોના દેવ ઈન્દ્ર ગભરાઈ ગયા હતાં, અને તેમણે લગભગ શરણાગતિ સ્વીકારી લીધી હતી, ત્યારે રાણી ઈન્દ્રાણીએ તેમને રક્ષાસૂત્ર બાંધી યુદ્ધમાં મોકલ્યા હતાં, અને કહ્યું હતું કે રક્ષાસૂત્ર તમારી રક્ષા કરશે, અને ત્યારે તેમનો વિજય થયો હતો.

ભગવાન વિષ્ણુ પણ બલિ રાજાને ત્યાં દ્વારપાળ તરીકે રહેવું પડ્યું હતું, ત્યારે લક્ષ્મીજીએ બલિરાજાને પોતાનો ભાઈ બનાવી અને વિષ્ણુને છોડાવ્યા હતાં. બલિરાજા એ કહ્યું હતું કે આ રક્ષાબંધન એ એના જીવનનો મહાન દિવસ હતો. આમ રાખડી એટલે કે રક્ષા પોટલી એ રક્ષા કરવાના હેતુથી બાંધવામાં આવે છે, એ આની પરથી સાબિત થાય છે, અને તેથી જ આ રક્ષાબંધનનો તહેવાર ઉજવવામાં આવે છે.મોગલ સમયમાં બાદશાહ હુમાયુને રાણી કર્ણાવતી એ રાખડી બાંધી હતી, અને પોતાનો ભાઈ બનાવી તેની રક્ષાનું વચન લીધું હતું. આમ રાખડી કે રક્ષાસૂત્ર એ બાંધનારના મનમાં ભરોસો પ્રતિપાદિત કરે છે, અને બંધાવનારનાં મનમાં સાહસ અને વીરતાનાં ભાવ ઊભા કરે છે, જે કાયમ પોતાની બહેનનું રક્ષણ કરવા માટે તૈયાર રહે છે. આ ઉપરાંત આ દિવસે ભાઈ પોતાની બહેનને વીર પસલી પણ આપે છે તેનાં સ્નેહ પ્રત્યેનું માન દર્શાવે છે. આ ઉપરાંત શ્રાવણ સુદ પૂનમને દિવસે બળેવ નો તહેવાર પણ હોય છે, એટલે કે બ્રાહ્મણો આ દિવસે જનોઈ બદલે છે. જનોઈ એટલે કે યજ્ઞ પવિત એ એક એવો સંસ્કાર છે, જે ધારણ કરવાથી કરનારનું રક્ષણ થાય છે. એટલે કે તેનામાં નીતિમત્તા જળવાઈ રહે છે, પ્રમાણિકતા જળવાઈ રહે છે, અને ઈમાનદારી પૂર્વક પોતાનું કર્તવ્ય કર્મ, નિષ્પક્ષ એ કાર્યક્ષેત્રમાં કાર્ય કરે જીવન અને ઊજળું બનાવે છે. જનોઈ માં નવ તાતણા આવેલા હોય છે અને ત્રણ ત્રણમાં ગુંથાયેલા ત્રિસૂત્રની એ હોવાથી તેને ત્રિસૂત્રી પણ કહેવાય છે',જે અનુક્રમે ઋગ્વેદ યજુર્વેદ અને અર્થ વેદ મા પ્રતીકરૂપે ધારણ કરવામાં આવે છે. આમ વેદો નું સ્મરણ રહે, અને આપણી સંસ્કૃતિ મુજબનું જીવન જીવી શકે, એ માટે થઈને ઉચ્ચ વર્ણના લોકોમાં યજ્ઞોપવિત સંસ્કાર આપવામાં આવતો, જેને કારણે બ્રાહ્મણ જેવું આચરણ બની રહેતું હતું.ભારતીય સમાજમાં નારીને ખૂબ જ મહત્વ આપવામાં આવ્યું છે, અને મહત્વ જળવાઈ રહે એટલે ભાઈ પોતાની બહેનને આજીવન તેની રક્ષાનું વચન આપે છે, અને બહેન પણ તેનાં ભાઈને સ્વસ્થ અને લાંબાં આયુષ્ય માટે સદાય ઈશ્વર આગળ પ્રાર્થના કરે છે, આપણે સૌ આ તહેવારને એની ગરિમા બની રહે તેમ ઊજવવી જોઈએ.

### શ્રાવણ માસમાં શિવ મહિમા - ૧૬

# જ્ઞાની પુરુષો સર્વને અભેદ ભાવ થી જુએ છે. વ્યવહાર અને પરમાર્થને એક કરવો કઠણ છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ભાગવત સર્વને માટે છે.ઘર છોડી તપશ્ચર્યા કરનારા માટે અને ઘરમાં રહેનાર માટે ભાગવતની કથાએ માર્ગદર્શક છે.એવું નથી કે ઘર છોડનારને જ ભગવાન મળે છે. પ્રહલાદજીને ઘરમાં જ ભગવાન નાં દર્શન થયાંછે.ઘરનું વાતાવરણ પ્રતિકૂળ હતું, તેમ છતાં પ્રહલાદ ઘરમાં જ ભજન કરી શક્યા છે.**



શક્તિ વાવાઝોડાં સાથે વરસાદની વિદાય બહુ શાંત રીતે થઈ ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો શ્રી કૃષ્ણનો ગૃહસ્થાશ્રમ એવો હતો કે, સર્વમાં તેઓ સમભાવ રાખે છે. શ્રીકૃષ્ણને આંગણે એક વખતે દુર્યોધન મદદ માગવા આવ્યો. અગાઉ દુર્યોધને શ્રીકૃષ્ણનું અપમાન કર્યું છે છતાં દુષ્ટ નફ્ફટ થઈ મદદ માંગવા આવ્યો છે. સાધારણ મનુષ્યે કરેલું અપમાન ભૂલશે નહીં પણ આંગણે દુર્યોધન આવ્યો તો તેને મદદ આપવા શ્રીકૃષ્ણ તૈયાર થયા છે. અર્જુન પણ મદદ માગવા આવેલો. શ્રીકૃષ્ણ કહે, હું બંનેને મદદ કરીશ.એક પક્ષમાં મારીનારાયણી સેના અને એક પક્ષમાં હું અસ્ત્ર શસ્ત્ર વગર રહીશ.દુર્યોધનેવિચાર્યું કે,આ તો વાતો કરશે.મને વાતો કરનારની જરૂર નથી,યુદ્ધ કરનાર ની જરૂરછે.માગ્યું કે મનેનારાયણી સેનાની જરૂર છે.દુર્યોધને સેના માગી. અર્જુને શ્રીકૃષ્ણ માગ્યા. આ પ્રમાણે શ્રીકૃષ્ણ દુર્યોધન અને અર્જુનમાં સમભાવ રાખે છે. તેથી શ્રીકૃષ્ણ ગૃહસ્થાશ્રમી નથી, આદર્શ સંન્યાસી છે. ઘરમાં ભક્તિ થતી નથી. અનેક પ્રકારના વિક્ષેપ, ઉપાધિ આવે છે. ગૃહસ્થાશ્રમમાં ભક્તિમાં વિઘ્ન આવે છે,તેથી પ્રિયવ્રત રાજાએ વિચાર્યું કે, મારે આ વ્યવહાર છોડી દેવો છે.પરમાર્થમાં અભેદ બુદ્ધિ અને વ્યવહારમાં ભેદબુદ્ધિ રાખવી પડે છે. ભેદભાવથી બધા દોષ આવેછે.ભેદભાવ હોયતોકામ ક્રોધ,રાગ-દ્વેષ વિકારો આવે છે. જ્ઞાની પુરુષો સર્વને અભેદભાવ થી જુએ છે.વ્યવહાર અને પરમાર્થને એક કરવો કઠણ છે. ભેદભાવથી વ્યવહારમાં વિષમતા અને વેર ઉત્પન્ન થાય છે, તેથી જ્ઞાનીઓ સર્વ પ્રવૃત્તિ છોડીને એકાંતમાં ભક્તિ કરે છે. પ્રિયવ્રત રાજાને એવી ઈચ્છા થઈ કે,એકાંતમાં બેસી ઈશ્વરનું આરાધન કરીશ. ત્યાં બ્રહ્માજી આવ્યા. બ્રહ્માજી પ્રિયવ્રત રાજાને કહે છે, પ્રારબ્ધ ભોગવ્યા વગર ચાલતું નથી. મને પણ પ્રવૃત્તિ કરવાનું મન નથી.તોય પરમાત્માની આજ્ઞામાં રહીને હું પણ પ્રારબ્ધ પૂરું કરું છું. તમારે વનમાં જવાની જરૂર નથી.જે જિતેન્દ્રિય છે તે ઘરમાં રહીને પણ ઈશ્વરનું આરાધન કરી શકે છે. જે જિતેન્દ્રિય નથી તે વનમાં જાય તો પણ પ્રમાદ કરેછે.ભરત સ્ત્રીપુરુષ વગેરેનો ત્યાગ કરીને વનમાંગયેલા તો ત્યાં પણ તેમણે સંસાર ઊભો કર્યો. ભરતજી વનમાં જઈને ભૂલા પડ્યા અને પ્રહલાદ દૈત્યો વચ્ચે રહી અનેક પ્રકારનું દુઃખ સહન કરી ઘરમાં ભક્તિ કરી શકે છે.

ભાગવત સર્વને માટે છે.ઘર છોડી તપશ્ચર્યા કરનારા માટે અને ઘરમાં રહેનાર માટે ભાગવતની કથાએ માર્ગદર્શક છે.એવું નથી કે ઘર છોડનારને જ ભગવાન મળે છે. પ્રહલાદજીને ઘરમાં જ ભગવાન નાં દર્શન થયાંછે.ઘરનું વાતાવરણ પ્રતિકૂળ હતું, તેમ છતાં પ્રહલાદ ઘરમાં જ ભજન કરી શક્યા છે. મનુષ્યે જીવનમાં લક્ષ્ય નક્કી કરવાની બહુ જરૂર છે. લક્ષ્યને ધ્યાનમાં રાખી બધો વ્યવહાર કરો. ઘર ભક્તિમાં બાધક છે એમ માની ભરતજી ઘર છોડીને વનમાં ગયા તો ત્યાં પણ ભક્તિ કરી શક્યા નથી. જ્યાં જાવ ત્યાં આ પચવિષયો સાથે આવે છે. ઘરમાં રહીને ભક્તિ કરવી હોય તો પ્રહલાદનો આદર્શ નજર સમક્ષ રાખો. વનમાં રહીને ભક્તિ કરવી હોય તો ભરતનું જીવન લક્ષ્યમાં રાખો. જીવ જ્યાં જાય ત્યાં તેની પાછળ છ ચોરો પડેલાછે:કામ,ક્રોધ,લોભ મોહ,મદ અને મત્સર.આ વિકારો પાછળ આવે છે.આ વિકારોને વશ ન થઈ ઘરમાં રહે તો ઘર બાધક થતું નથી.આ ચોરો સામે ઊલટું ઘરમાં રહી આ શત્રુ ઓને જીતવાનું સહેલું છે.

ગૃહસ્થાશ્રમના કિલ્લામાં રહીને લડવું એ ઉત્તમ છે. છ શત્રુઓ વનમાં જાવ તો તમારી સાથે આવે છે અને પજવે છે.સુખી થવું હોય તો તમારી ઉંમરનાચાલીસમા વર્ષે સંસારને ધીરે ધીરે સંકલવા લાગો અને એકાવન વર્ષે વનમાં જાવ.બ્રહ્માજી પ્રિયવ્રત રાજાને લગ્ન કરી ગૃહસ્થાશ્રમી થવાની સલાહ આપે છે. વ્યવહાર કરો પણ એવી રીતે કરો કે,પુનર્જન્મનું બીજોરોપણ નથાય રાગદ્વેષ વગર કરેલો વ્યવહાર મનુષ્યને બંધનરૂપ થતો નથી. એવો જીવનમુક્ત પુરુષ શરીરના અભિમાનથી રહિત થાય છે, તેથી તેને બીજો દેહ મળતો નથી. રાજા પ્રિયવ્રત લગ્ન કરી ગૃહસ્થા શ્રમી થયો. તેના પછી આગ્નિઘ્ન ગાદી ઉપર આવ્યો. તે વનમાં તપ કરવા ગયો, ત્યાં એના ચિત્તમાં રહેલી પૂર્વજન્મની વાસના પૂર્વચિત્તિ વિઘ્ન કરવા આવી. ભોગવેલા વિષય-સુખનું સ્મરણ, મનમાં રહેલી સૂક્ષ્મ વાસના, પૂર્વનાં સંસ્કારો એ જ પૂર્વચિત્તિ છે.પૂર્વની વાસના જલદી છૂટતી નથી. ઈન્દ્રિયોને જે સુખ એક વખત આપ્યું તે ફરીથી માગશે. વિષયોમાં જ્યાં સુધી આકર્ષણ છે ત્યાં સુધી વિષયેચ્છાનો નાશ થતો નથી,પણ વિષયોનું આકર્ષણ ન રહે તો વિષયેચ્છાનો વિનાશ છે. સંસાર ના વિષયો જ્યાં સુધી ગમે છે ત્યાં સુધી આ જીવ જ્ઞાનભક્તિમાં આગળ વધી શકતો નથી.નિવૃત્તિ લઈ બેઠેલા નેયે પૂર્વચિત્તિ પજવે છે. આગ્નિઘ્ન રાજા પૂર્વચિત્તિમાં ફસાયા છે.

આગ્નિઘ્નને ઘરે થયા નાભિ અને નાભિના ઘેર ઋષભદેવ પુત્રરૂપે પ્રગટ થયા.ઋષભદેવ જ્ઞાનનો અવતાર હતા. પરમહંસોનું વર્તન કેવું હોય તે બતાવવા ભગવાને ઋષભદેવજી રૂપે જન્મ લીધો, ઋષભ એટલે સવર્શ્રેષ્ઠ. ઋષભદેવજી વારંવાર ઉપદેશ કરે છે, માનવ જીવ ભોગ માટે નથી, તપ કરવા માટે છે. તપ કરો અને સર્વમાં ઈશ્વરને નિહાળો. માનવ શરીર વિષયસુખોમાં વેડફી નાખશો નહીં. જ્ઞાની પરમહંસોએ જગતમાં કેવી રીતે રહેવું જોઈએ તે બતાવવા ઋષભદેવજીએ સર્વસંગનો ત્યાગ કર્યો,સર્વનો ત્યાગ કર્યો.ઋષભદેવ જી પાસે અનેક સિદ્ધિઓઆવેલી પણ તેમાં તેઓ ફસાતા નથી.ગૃહ સ્થને પૈસો છોડવો કામસુખ છોડવુંએ અઘરું છે.પણ એનાથી યે અઘરું મહાત્માઓએ આ સિદ્ધિઓમાંથી છૂટવું તે છે. જ્ઞાની મહાત્માઓને આ સિદ્ધિ ફસાવે છે. ઋષભદેવજી તો નગ્ન રીતે ફરે છે,ઊભા થાય છે, બળદ ની જેમ ભાજી આરોગે છે. કોઈ મારે તો માને શરીરને માર પડે છે. મને શું?હું કાંઈ શરીર નથી. શરીર થી આત્મા જુદો છે.તે જાણે છે સર્વ પણ અનુભવે છે કોઈક.નાળિયેર માં કાચલી-કોપરું એક નથી,છતાં નાળિયેરમાં જ્યાં સુધી પાણી છે ત્યાં સુધી કાચલી કોપરાને છોડતી નથી.તેમ મનુષ્યમાં જ્યાં સુધી વિષયરસ છે,વિષયાસક્તિ છે ત્યાં સુધી શરીર અને આત્મા જુદાં છે તેનો અનુભવ થતો નથી. કાચલી એ શરીર અને કોપરું એ આત્મા છે. પાણી એ વિષયરસ છે.સંસારની કોઈ વસ્તુ માં સ્નેહ હોય ત્યાં સુધી શરીરથી આત્મા જુદો છેએમ લાગતું નથી. જ્ઞાની પરમહંસોએ જગતમાં કેવી રીતે રહેવું જોઈએ તે બતાવવા ઋષભદેવજીએ સર્વસંગનો ત્યાગ કર્યો,સર્વનો ત્યાગ કર્યો.ઋષભદેવ જી પાસે અનેક સિદ્ધિઓઆવેલી પણ તેમાં તેઓ ફસાતા નથી.ગૃહ સ્થને પૈસો છોડવો કામસુખ છોડવુંએ અઘરું છે.પણ એનાથી યે અઘરું મહાત્માઓએ આ સિદ્ધિઓમાંથી છૂટવું તે છે. જ્ઞાની મહાત્માઓને આ સિદ્ધિ ફસાવે છે. ઋષભદેવજી તો નગ્ન રીતે ફરે છે,ઊભા થાય છે,બળદ ની જેમ ભાજી આરોગે છે. કોઈ મારે તો માને શરીરને માર પડે છે. મને શું?હું કાંઈ શરીર નથી. શરીર થી આત્મા જુદો છે.તે જાણે છે સર્વ પણ અનુભવે છે કોઈક.નાળિયેર માં કાચલી-કોપરું એક નથી,છતાં નાળિયેરમાં જ્યાં સુધી પાણી છે ત્યાં સુધી કાચલી કોપરાને છોડતી નથી.તેમ મનુષ્યમાં જ્યાં સુધી વિષયરસ છે,વિષયાસક્તિ છે ત્યાં સુધી શરીર અને આત્મા જુદાં છે તેનો અનુભવ થતો નથી. કાચલી એ શરીર અને કોપરું એ આત્મા છે. પાણી એ વિષયરસ છે.

સંસારની કોઈ વસ્તુ માં સ્નેહ હોય ત્યાં સુધી શરીરથી આત્મા જુદો છેએમ લાગતું નથી. નામરૂપનો મોહ છૂટતો નથી,ત્યાં સુધી આત્મા શરીરથી જુદો છે એમ દેખાતું નથી. ઊલટો દેહા ધ્યાસ વધેછે.સંસારના જડપદાર્થો સાથે અતિસ્નેહ કરવાથી જડા ધ્યાસ પણ વધે છે.તપથી અંતઃ કરણની જડશુદ્ધિ થાય છે,ને બ્રહ્મસુખ મળે છે. બ્રહ્મજ્ઞાનની વાતો કરે, પણ પૈસો અને પ્રતિષ્ઠા સાથે પ્રેમ કરે એ ખરો જ્ઞાની નથી.ખરો જ્ઞાનીએ જ કે ઈશ્વર સાથે જ પ્રેમ કરે. ઈશ્વર વિના સંસારના જડ પદાર્થમાં સ્નેહ થાય તે આત્માને શરીરથી જુદો જોઈ શકે નહીં.હું શરીર નથી.હું સર્વનો સાક્ષી ચેતનાત્મા આનંદરૂપ છું,એવું બ્રહ્મજ્ઞાન થયા પછી પણ તેને સંસારના વિષયો સાથે પ્રેમ હશે તો તેને બ્રહ્માનંદ મળશે નહીં. બ્રહ્મજ્ઞાન થયા પછી ઈશ્વરમાં પ્રીતિ થાય તો બ્રહ્માનંદ મળે છે,આથી જ્ઞાની પુરુષે કોઈપણ વસ્તુમાં સ્નેહ કરવો નહીં. કોઈપણ વસ્તુનો સંગ્રહ કરવો નહીં.જેઓ મૃત્યુરૂપ સંસારમાં ફસાયેલા બીજા લોકોને તારી ન શકે તેવો ગુરુએ ગુરુનથી સ્વ જન એ સ્વજન નથી,પિતાએ પિતા નથીઅને માતાએ માતાનથી એટલે કે ગુરુ,સ્વજન પિતા-માતા થવાને લાયક નથી.

### EPFOમાં મોટા ફેરફારની શક્યતા

# લઘુત્તમ પેન્શન રકમ ૧,૦૦૦ થી વધારીને ૨,૫૦૦ પ્રતિ માસ કરવાના પ્રસ્તાવ પર ચર્ચા થવાની સંભાવના

## ટ્રેડ યુનિયનો અને વિવિધ પેન્શનરોના સંગઠનો લાંબા સમયથી કર્મચારી પેન્શન યોજના (EPS) હેઠળ પેન્શન રકમ વધારીને ૭,૫૦૦ કરવાની માંગ કરી રહ્યા છે




। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) ની સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા, સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ (CBT) ની બેંગલુરુમાં તા. ૧૦ અને ૧૧ ઓક્ટોબરના રોજ એક બેઠક થવાની છે. રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે આ બેઠકમાં લઘુત્તમ પેન્શન રકમ ૧,૦૦૦ થી વધારીને ૨,૫૦૦ પ્રતિ માસ કરવાના પ્રસ્તાવ પર ચર્ચા થવાની સંભાવના છે. EPFO હેઠળ કર્મચારી પેન્શન યોજના (EPS-95) હેઠળ લઘુત્તમ પેન્શન હાલમાં ૧,૦૦૦ પ્રતિ માસ છે. આ રકમ ૨૦૧૪ માં નક્કી કરવામાં આવી હતી અને ત્યારથી આ રકમ યથાવત છે. વિવિધ કર્મચારી સંગઠનો લાંબા સમયથી માંગ કરવામાં આવી રહી છે, કે હાલમાં મોંઘવારીને ધ્યાનમાં લેતા ૧,૦૦૦ ની રકમ ખૂબ ઓછી છે. ટ્રેડ યુનિયનો અને વિવિધ પેન્શનરોના સંગઠનો લાંબા સમયથી કર્મચારી પેન્શન યોજના (EPS) હેઠળ પેન્શન રકમ વધારીને ૭,૫૦૦ કરવાની માંગ કરી રહ્યા છે. જો કે, અહેવાલો સૂચવે છે કે ઝ્ર પેન્શનમાં ૭.૫ ગણો વધારો કરશે નહીં, પરંતુ તેને વધારીને રુપિયા ૨,૫૦૦ કરવાનું વિચારી શકે છે. પેન્શન યોગ્ય વેતન એ છેલ્લા ૬૦ મહિનાની સેવાનો સરેરાશ મૂળ પગાર + મોંઘવારી ભથ્થું છે, જેની મહત્તમ મર્યાદા ૧૫,૦૦૦ છે. પેન્શનપાત્ર સેવા કુલ સેવા વર્ષોની સંખ્યા દર્શાવે છે, જો તે ૬ મહિના કે તેથી વધુ હોય તો પૂર્ણ કરવામાં આવે છે અને પેન્શન માટે પાત્ર બનવા માટે ઓછામાં ઓછા ૧૦ વર્ષની સેવા જરૂરી છે. મહત્તમ પેન્શનપાત્ર પગાર મર્યાદા દર મહિને ૧૫,૦૦૦ છે. એટલે સરળ શબ્દોમાં કહીએ તો જો કોઈ સભ્ય ૩૫ વર્ષથી સેવા આપી હોય, તો તેઓ દર મહિને આશરે ૭,૫૦૦ પેન્શન મળી શકે છે. EPS હેઠળ પેન્શન મેળવવા માટે ઓછામાં ઓછા ૧૦ વર્ષ સતત સેવા આપવી જરૂરી છે. સભ્ય ૫૮ વર્ષની ઉંમરે નિયમિત પેન્શન મેળવવા માટે હકદાર છે. જો કોઈ સભ્ય આ તારીખ પહેલાં નોકરી છોડી દે છે, તો તેમને ઉપાડ લાભ અથવા ઓછું પેન્શન મળે છે. આ બેઠકનો બીજો એક મુખ્ય એજન્ડા EPFO 3.0 પ્રોજેક્ટ છે. EPFO 3.0 હેઠળ સંસ્થા સંપૂર્ણપણે ડિજિટલ અને પેપરલેસ બનાવવાની યોજના બનાવી રહી છે. જેમાં ATM માંથી સીધા PF ઉપાડ, UPI દ્વારા તાત્કાલિક PF ઉપાડ, રીઅલ-ટાઈમ ક્લેમ સેટલમેન્ટ અને કરેક્શન સુવિધાઓ, સરળ ઓનલાઈન ડેથ ક્લેમ સેટલમેન્ટ અને ઓટોમેટિક ડેટા ઈન્ટિગ્રેશન જેવી સુવિધાઓનો સમાવેશ હોઈ શકે છે. ઈન્ફોસિસ, વિપ્રો અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) જેવી મુખ્ય ભારતીય IT કંપનીઓને આ વિશાળ તકનીકી પ્રગતિનું સંચાલન અને અમલીકરણની જવાબદારી સોંપવામાં આવી છે. તકનીકી પરીક્ષણ અને સિસ્ટમ ઈન્ટિગ્રેશન પડકારોને કારણે વિલંબ હોવા છતાં, પ્રોજેક્ટ હવે આવતા વર્ષે શરૂ થવાની અપેક્ષા છે.

**ન્યૂઝ બ્રિફ**

### એર ઈન્ડિયાના વિમાનથી પક્ષી ટકરાતાં ઈમરજન્સી લેન્ડિંગ

। (એજન્સી) નવીદિલ્હી, તા.૮ ।

એર ઈન્ડિયાનું એક વિમાન અકસ્માતનો ભોગ બનતા માંડ-માંડ બચ્યું. મંગળવારે (૭ ઓક્ટોબર) કોલંબો-ચેન્નઈની ફ્લાઈટ સાથે એક પક્ષી અથડાઈ ગયું હતું, જેના કારણે એરલાઈને પોતાની વાપસી યાત્રા રદ કરવી પડી હતી. આ સિવાય ઈન્ડિગોની એક ફ્લાઈટને પણ ડાયવર્ટ કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, એર ઈન્ડિયાની ચેન્નઈથી કોલંબો જતી ફ્લાઈટ AI-273 (A320 VT-TNH) સાથે એક પક્ષી અથડાયું હતું. આ ઘટના રાત્રે આશરે ૧:૫૫ વાગ્યે કોલંબો એરપોર્ટ પર લેન્ડિંગ દરમિયાન થઈ હતી. જોકે, આ ઘટના બાદ તેને સામાન્ય ગણી પણ વિમાનને ઉડાન માટે ક્લિયરન્સ આપવામાં આવ્યું. ત્યાર બાદ જ્યારે આ જ વિમાન AI-274ના રૂપે સવારે ૪:૩૪ વાગ્યે કોલંબોથી ચેન્નઈ પરત ફરી રહ્યું હતું તો ટેક્નિકલ ટીમે રૂટીન તપાસ કરી, જેમાં ફેન બ્લેડમાં નુકસાન જોવા મળ્યું. હવે તાત્કાલિક રૂપે વિમાનને હાલ AOG (એરક્રાફ્ટ ઓન ગ્રાઉન્ડ) જાહેર કરી તેને સેવામાંથી બહાર કરવામાં આવ્યું છે. તેને ઠીક કરવામાં આવશે અને સંપૂર્ણ તપાસ બાદ જ તેનો ફરી ઉપયોગ કરવામાં આવશે. એરપોર્ટ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ વિમાનમાં ૧૫૮ મુસાફરી હતા. ઈન્ડિગોની ફ્લાઈટ ડાયવર્ટ કરવામાં આવી હતી.

### રાયબરેલીમાં ટોળાંએ દલિત યુવકની હત્યા કરી

। (એજન્સી) ઉત્તરપ્રદેશ, તા.૮ ।

ઉત્તરપ્રદેશના રાયબરેલીમાં દલિત વ્યક્તિ હરિઓમની માર મારીને કરાયેલી હત્યાના કેસમાં એક નવો ખુલાસો થયો છે. જ્યારે ટોળાએ હરિઓમને મારતા પહેલા પકડ્યો હતો, ત્યારે પોલીસ ત્યાં પહોંચી હોવા છતાં, તેણે હરિઓમને બચાવ્યો નહીં કે કોઈ કાર્યવાહી કરી નહીં, તેવો આરોપ છે. કથિત રીતે, પોલીસ તેને ટોળા પાસે જ છોડીને ત્યાંથી જતી રહી હતી.જે રાત્રે ટોળાએ હરિઓમને ઘેર્યો હતો, ત્યારે એક વ્યક્તિએ પોલીસને આ ઘટના અંગે સૂચના આપી હતી. તેણે કહ્યું હતું કે, એક ચોરને ૫૦-૬૦ લોકોએ ઘેરી રાખ્યો છે.' પોલીસ સ્ટેશન ઘટનાસ્થળથી માંડ ૧૦ મિનિટના અંતરે હતું, પરંતુ ૪૫ મિનિટ સુધી કોઈ આવ્યું નહીં.

ત્યારબાદ પોલીસને ફરીથી ફોન કરવામાં આવ્યો. પછી પોલીસ રિસ્પોન્સ વ્હીકલમાં કેટલાક પોલીસકર્મીઓ અને હોમગાર્ડ ત્યાં આવ્યા. તેમણે હરિઓમની પૂછપરછ કરી. જાણવા મળ્યું કે તે માનસિક રીતે સ્વસ્થ નહોતો. આના પર એક હોમગાર્ડે તેને પોલીસ સ્ટેશન લઈ જવાની વાત કરી, પરંતુ બીજા પોલીસકર્મીએ ના પાડી દીધી અને ગાડીમાં બેઠા બેઠા કહ્યું કે 'આને જવા દો, જ્યાં જવું હશે ત્યાં જતો રહેશે.' પોલીસના ગયા પછી ટોળાએ હરિઓમને એટલો માર માર્યો કે તેનું મોત થયું. નવી માહિતી સામે આવ્યા પછી હવે સમગ્ર મામલે પોલીસની ભૂમિકા પર સવાલો ઊભા થયા છે. મૃતક હરિઓમની બહેને પણ કહ્યું છે કે, 'ઘટના સમયે પોલીસ હાજર હતી. જો તેણે સમયસર પગલાં લીધાં હોત તો મારા ભાઈનો જીવ બચી જાત.'

### પાકિસ્તાનમાં મોટો હુમલો

# પાકિસ્તાનમાં જાફર એક્સપ્રેસ પર બોમ્બથી હુમલો થયો

## ટ્રેન ત્યાથી નીકળતા આ બોમ્બ બ્લાસ્ટ થયો હતો અને ૫ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા

। (એજન્સી) પાકિસ્તાન, તા.૮ ।

પાકિસ્તાનમાં જાફર એક્સપ્રેસ ટ્રેન પર ફરી એકવાર હુમલો થયો છે. સુલતાન કોટ નજીક પાટા પર લગાવવામાં આવેલ ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (IED) એક શક્તિશાળી વિસ્ફોટક પદાર્થો લગાવવામાં આવ્યો હતો, જેના કારણે આ વિસ્ફોટની ઘટના બની હતી. વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે, ટ્રેનના પાંચ કોચ પાટા પરથી ઉતરી ગયા હતા. આ ઘટનામાં અનેક મુસાફરો ઘાયલ થયાના અહેવાલ છે, અને પ્રત્યક્ષદર્શીઓએ વિસ્ફોટ પછી ગોળીબારનો અવાજ સાંભળ્યો હોવાનું જણાવ્યું હતું.

હુમલા બાદ રાહત અને બચાવ ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા હતા. હાલ, તે રૂટ પર રેલ સેવાને અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી છે. સુરક્ષા દળોએ વિસ્તારને ઘેરી લીધો છે અને વિસ્ફોટક પદાર્થ ક્યાં અને કેવી રીતે મૂકવામાં આવ્યો હતો તેની તપાસ શરૂ કરી છે. પ્રારંભિક અહેવાલો અનુસાર, હુમલો પહેલાથી જ પ્લાન્ટ કરેલા બોમ્બથી કરવામાં આવ્યો હતો.

જાફર એક્સપ્રેસ પર હુમલો કરવાનો આ પહેલી ઘટના નથી. બલુચિસ્તાન ક્ષેત્રમાં આ ટ્રેન અનેક વખત હુમલાઓનું નિશાન બની છે.

આ વર્ષે ઓગસ્ટમાં, બલુચિસ્તાનના મસ્તુંગ જિલ્લામાં ટ્રેનના છ કોચને નિશાન બનાવીને IED વિસ્ફોટ કરવામાં આવ્યો હતો. કેટલાક મુસાફરોને નાની-મોટી ઈજાઓ થઈ હતી અને રેલ માર્ગ થોડા સમય માટે ખોરવાઈ ગયો હતો.

માર્ચ ૨૦૨૫ માં, બલુચ લિબરેશન આર્મીએ બોલાન પાસ નજીક જાફર એક્સપ્રેસને હાઈઝેક કરી હતી. કુલ ૪૦૦ મુસાફરોને લઈ જતી આ ટ્રેન પાકિસ્તાનના ઈતિહાસમાં એક મોટી ઘટના હતી. પાટા ઉડાડવા માટે વિસ્ફોટકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને ખુલ્લેઆમ ગોળીબાર કરવામાં આવ્યો હતો.

ટ્રેનમાં બંધકો અને સુરક્ષા દળો પર પણ ગોળીબાર કરવામાં આવ્યો હતો, જેના પરિણામે અસંખ્ય જાનહાનિ થઈ હતી.

ઉલ્લેખનીય છે કે, બલુચિસ્તાન પાકિસ્તાનનો એક એવો પ્રદેશ છે, જ્યાં સરકાર સામે બળવાખોરી વારંવાર થતી રહે છે. તેઓ સ્થાનિક માળખાગત સુવિધાઓ, સુરક્ષા દળો અને પરિવહન માર્ગો પર પણ હુમલો કરે છે અને નુકસાન પહોંચાડે છે. પાકિસ્તાની સૈન્ય પર બલુચોના હુમલાઓ સામાન્ય છે, પરંતુ જાફર એક્સપ્રેસને વારંવાર નિશાન બનાવવાથી મુસાફરોની સલામતી પણ જોખમમાં મુકાય છે. ઉલ્લેખનીય છે કે, બલુચિસ્તાન પાકિસ્તાનનો એક એવો પ્રદેશ છે, જ્યાં સરકાર સામે બળવાખોરી વારંવાર થતી રહે છે. તેઓ સ્થાનિક માળખાગત સુવિધાઓ, સુરક્ષા દળો અને પરિવહન માર્ગો પર પણ હુમલો કરે છે અને નુકસાન પહોંચાડે છે. પાકિસ્તાની સૈન્ય પર બલુચોના હુમલાઓ સામાન્ય છે, પરંતુ જાફર એક્સપ્રેસને વારંવાર નિશાન બનાવવાથી મુસાફરોની સલામતી પણ જોખમમાં મુકાય છે.

### ચિરાગ પાસવાને ભાજપનું ટેન્શન વધાર્યું

# બિહારમાં ચૂંટણી જાહેર થતાં જ NDAમાં મોટો ખેલ

## આ સાથે જ વ્યૂહનીતિકાર પ્રશાંત કિશોર અને ચિરાગ પાસવાન વિધાનસભા ચૂંટણી માટે ગઠબંધન કરી શકે છે

। (એજન્સી) બિહાર, તા.૮ ।

બિહાર વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે, ત્યારે નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA)માં બેઠકોની વહેંચણીને લઈને તણાવ વધી રહ્યો છે. સૂત્રોના જણાવ્યાનુસાર, જો બેઠકોની વહેંચણીની વાટાઘાટો નિષ્ફળ જશે, તો ચિરાગ પાસવાનની પાર્ટી લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ) ફરી એકવાર દ્રઢછ સામે બળવો કરી શકે છે. આ સાથે જ વ્યૂહનીતિકાર પ્રશાંત કિશોર અને ચિરાગ પાસવાન વિધાનસભા ચૂંટણી માટે ગઠબંધન કરી શકે છે તેવી અટકળોએ રાજ્યનું રાજકીય વાતાવરણ ગરમાવ્યું છે.

બિહાર ભાજપના પ્રભારી ધર્મેન્દ્ર પ્રધાન બેઠક વહેંચણી અંગે NDAના સાથી પક્ષો સાથે સતત વાટાઘાટો કરી રહ્યા છે. જો કે, ચિરાગ પાસવાનની પાર્ટીએ NDAની મુશ્કેલીઓ વધારી દીધી છે. સૂત્રોના જણાવ્યાનુસાર, ચિરાગ પાસવાનની પાર્ટી ૨૫થી ૩૦ બેઠકો પર અડગ છે. ચિરાગના આ નવા પગલાથી બિહારમાં NDA પર દબાણ વધ્યું છે. નોંધનીય છે કે, ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં પણ ચિરાગ પાસવાને સ્વતંત્ર રીતે ચૂંટણી લડીને દ્રઢછથી અલગ થયા હતા. ત્યારે તેમની પાર્ટીનું પ્રદર્શન ભલે સારું ન રહ્યું હોય, પરંતુ તેનાથી NDAના સાથી પક્ષ જેડીયુને નોંધપાત્ર નુકસાન થયું હતું. ચિરાગની પાર્ટીના આ આક્રમક વલણ વચ્ચે પ્રશાંત કિશોરે બિહાર વિધાનસભા ચૂંટણીની જાહેરાત થાય તે પહેલાં જ ચિરાગ પાસવાનની ઘણી વખત પ્રશંસા કરી હતી, જેના કારણે આ બંને યુવા નેતાઓ વચ્ચે ગઠબંધન થવાની અટકળોએ જોર પકડ્યું છે.

બિહાર વિધાનસભા ચૂંટણની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૨૪૩ વિધાનસભા બેઠક માટે બે તબક્કામાં ચૂંટણી યોજાશે. જેમાં પ્રથમ તબક્કાની ચૂંટણી છઠ્ઠી નવેમ્બરના રોજ અને બીજા તબક્કાની ચૂંટણી ૧૧મી નવેમ્બરના રોજ યોજાશે. ચીફ ઈલેક્શન કમિશ્નર જ્ઞાનેશ કુમારે જણાવ્યું કે, 'પહેલા તબક્કાની ચૂંટણી માટે ગેજેટ નોટિફિકશન ૧૦મી ઑક્ટોબરના રોજ બહાર પાડવામાં આવશે. ઉમેદવારો ૧૭મી ઑક્ટોબર સુધી ઉમેદવારી નોંધાવી શકશે. ઉમેદવારી માટે સ્ક્રુટની ૨૨મી ઑક્ટોબરના બુધવારે થશે. ૨૪મી ઑક્ટોબર સુધી ઉમેદવારી પાછી ખેંચી શકાશે. છઠ્ઠી નવેમ્બરે ચૂંટણી યોજાશે. બીજા તબક્કાની ચૂંટણી ૧૧મી નવેમ્બર યોજાશે. આ બંને તબક્કા પૂર્ણ થયા બાદ ૧૪ મીનવેમ્બરે મત ગણતરી હાથ ધરાશે.'

### NBFC પાસેથી ૬૦ કરોડ રૂપિયાની લોન લેવામાં આવી હતી

# શિલ્પા શેટ્ટીના ઘરે પહોંચી પોલીસ : રૂ.૬૦ કરોડની છેતરપિંડી મામલે ૫ કલાક પૂછપરછ

## પૂછપરછ દરમિયાન શિલ્પા શેટ્ટીએ પોલીસને તેની જાહેરાત કંપનીના બેંક ખાતામાં થયેલા કથિત વ્યવહારો વિશે માહિતી આપી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

બોલિવૂડ અભિનેત્રી શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુન્દ્રા ૬૦ કરોડ રૂપિયાના છેતરપિંડીના કેસમાં મુંબઈ પોલીસના રડાર પર છે. સૂત્રોના જણાવ્યાનુસાર, મુંબઈ પોલીસની EOW ટીમ સોમવારે (છઠ્ઠી ઓક્ટોબર) શિલ્પાના ઘરે પહોંચી હતી અને પાંચ કલાક સુધી તેની પૂછપરછ કરી હતી. પોલીસે આ કેસમાં બંનેના નિવેદનો નોંધ્યા હતા. પૂછપરછ દરમિયાન શિલ્પા શેટ્ટીએ પોલીસને તેની જાહેરાત કંપનીના બેંક ખાતામાં થયેલા કથિત વ્યવહારો વિશે માહિતી આપી હતી. અહેવાલો અનુસાર, શિલ્પા અને રાજ કુન્દ્રાએ પોલીસને આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે છેતરપિંડીના ફરિયાદી દીપક કોઠારીની માલિકીની NBFC પાસેથી ૬૦ કરોડ રૂપિયાની લોન લેવામાં આવી હતી. આ લોનને પાછળથી કોઠારીની કંપનીમાં ઈક્વિટીમાં રૂપાંતરિત કરવામાં આવી હતી. આ રકમમાંથી ૨૦ કરોડ રૂપિયાનો ઉપયોગ સેલિબ્રિટી પ્રમોશન, પ્રસારણ ખર્ચ અને અન્ય હેતુઓ માટે કરવામાં આવ્યો હતો. બિપાશા બાસુ અને નેહા ધૂપિયાને આ કામ માટે ચૂકવણી કરવામાં આવી હતી. રાજે પોલીસને પ્રમોશનના ફોટોગ્રાફ્સ પણ આપ્યા હતા. સૂત્રોના જણાવ્યાનુસાર, શિલ્પા શેટ્ટી તપાસ હેઠળની કંપનીમાં એક મુખ્ય શેરહોલ્ડર છે. તેથી આ કેસમાં તેની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. પુરાવાઓથી જાણવા મળ્યું છે કે કંપનીમાં શેરહોલ્ડર હોવા છતાં શિલ્પાએ સેલિબ્રિટી ફી વસૂલ કરી હતી, જેને ખર્ચ તરીકે દર્શાવવામાં આવી હતી, જે ભંડોળના દુરુપયોગને દર્શાવે છે. મુંબઈના ઉદ્યોગપતિ દીપક કોઠારીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, 'રાજેશ આર્ય નામના વ્યક્તિએ મારો રાજ કુન્દ્રા અને શિલ્પા શેટ્ટી સાથે પરિચય કરાવ્યો હતો, જે હોમ શોપિંગ અને ઓનલાઈન રિટેલ પ્લેટફોર્મ બેસ્ટ ડીલ ટીવી પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર હતા. તે સમયે શિલ્પા અને રાજ કુન્દ્રા કંપનીના ૮૭.૬% શેર ધરાવતા હતા. ત્યારબાદ લોન-કમ-ઈન્વેસ્ટમેન્ટ ડીલમાં મેં ૬૦.૪૮ કરોડ રૂપિયા ગુમાવ્યા છે. શિલ્પા શેટ્ટી અને રાજ કુન્દ્રાની કંપનીએ મને આ રકમ રોકાણ તરીકે ટ્રાન્સફર કરવા કહ્યું હતું અને માસિક વળતર અને મૂળ રકમ પરત આપવાનું વચન આપ્યું હતું.'

### CJI પર હુમલાનો પ્રયાસ કરનારા વકીલને કોઈ પસ્તાવો નથી

# જૂતું ફેંકવાનો પ્રયાસ કરનારા વકીલને બાર કાઉન્સિલ દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા

। (એજન્સી) નવીદિલ્હી, તા.૮ ।

દેશના ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા બીઆર ગવઈ પર જૂતું ફેંકવાનો પ્રયાસ કરનારા વકીલને બાર કાઉન્સિલ દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તેમનું લાયસન્સ તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કરાયા બાદ પણવકીલ રાકેશ કિશોરે આ કૃત્ય બદલ જરાય પસ્તાવો ન હોવાનું સ્પષ્ટ નિવેદન આપ્યું છે. તેમણે પસ્તાવો કરવાના બદલે સીજેઆઈ પર પણ આક્ષેપોનો વરસાદ કર્યો છે. ૭૧ વર્ષીય વકીલે મીડિયા સાથે વાતચીતમાં માફી માગવાનો ઈનકાર કરતાં જણાવ્યું કે, લાખો કેસ પેન્ડિંગ છે. હું માફી માગવાનો નથી, મને આ વાતનો જરાય પસ્તાવો નથી. મેં કંઈ જ ખોટું કર્યું નથી. તમને સવાલ કરી રહ્યો છે, પરંતુ વાસ્તવમાં આ સર્વશક્તિમાને જ મને આમ કરવા મજબૂર કર્યો. તેમણે શા માટે મૂર્તિની મજાક કરી. તેમની આ મજાકથી મારી લાગણી દુભાઈ છે. ચીફ જસ્ટિસની કોર્ટમાં કોઈ એક PIL પર ગવઈ સાહેબે મજાક ઉડાવતાં મને ખૂબ જ આઘાત લાગ્યો હતો. સીજેઆઈએ વિચારવુ જોઈએ કે, તેઓ બંધારણના સર્વોચ્ચ પદ પર બેઠા છે. તેમણે 'મીલોર્ડ'નો અર્થ સમજવો જોઈએ અને તેનું માન જાળવવુ જોઈએ. તમે મોરિશિયસ જાઓ અને કહો કે, દેશ બુલડોઝર સાથે નહીં ચાલે. હું સીજેઆઈને પૂછવા માગું છું કે, સરકારની સંપત્તિ પર કબજો કરનારાઓ વિરૂદ્ધ યોગીજીનું બુલડોઝર ચાલે તેમાં ખોટું શું છે? મને ખૂબ આઘાત લાગ્યો છે. વકીલે વધુમાં આક્ષેપ કર્યો હતો કે, સીજેઆઈ અન્ય સમુદાયો સાથે જોડાયેલા કેસો પર અલગ જ વલણ દર્શાવે છે. એક ચોક્કસ સમુદાય દ્વારા ગેરકાયદે કબજે કરવામાં આવેલી હલ્દવાનીની રેલવે જમીન પરથી અતિક્રમણ દૂર કરવામાં આવ્યું ત્યારે સુપ્રીમ કોર્ટે તેના પર ત્રણ વર્ષ પહેલાં સ્ટે લાવી દીધો હતો. આ જ રીતે નુપુર શર્મા કેસમાં તેમણે માહોલ ખરાબ કરનારો હોવાનો દાવો કર્યો હતો. તેમણે હાલમાં જ એક કેસમાં ટીખળ કરી હતી કે, 'તમે મૂર્તિ પાસે પાર્થના કરી તેમને જાતે જ પોતાનું મસ્તક પુનઃસ્થાપિત કરવા કહો.' તેમની આ ટીપ્પણીએ મને ખૂબ દુઃખી કર્યો છે. વધુમાં કહ્યું કે, મારૂ નામ ડો. રાકેશ કિશોર છે, શું કોઈ મારી જાતિ જણાવશે, બની શકે કે હું પણ દલિત હોવ. આ એક તરફી તથ્યનો તેઓ લાભ ઉઠાવી રહ્યા છે કે, તેઓ દલિત છે. તે દલિત નથી.

# કેન્દ્રએ કેજરીવાલને ફાળવ્યો ટાઈપ-૭ બંગલો : એક એકરની જમીન પર ઘર

## આ બંગલો મેળવવા માટે કેજરીવાલને એક વર્ષ સુધી લાંબી કાયદાકીય લડાઈ લડવી પડી હતી

। (એજન્સી) નવીદિલ્હી, તા.૮ ।

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ટાઈપ-૭ કેટેગરીનો બંગલો ફાળવવામાં આવ્યો છે. આમ આદમી પાર્ટી (AAP)ના સંયોજક હોવાથી કેજરીવાલ કેન્દ્ર સરકાર દ્વારા આવાસ મેળવવા માટે હકદાર છે. જોકે, આ બંગલો મેળવવા માટે કેજરીવાલને એક વર્ષ સુધી લાંબી કાયદાકીય લડાઈ લડવી પડી હતી. આખરે, દિલ્હી હાઈકોર્ટની દરમિયાનગીરી અને સખ્તાઈ બાદ, સરકારે તેમને ૯૫, લોધી એસ્ટેટ બંગલો ફાળવ્યો છે. આ બંગલામાં ચાર બેડરૂમ, એક હોલ, એક વેઈટિંગ રૂમ અને એક ડાઈનિંગ રૂમનો સમાવેશ થાય છે. વધુમાં, તેમાં બે લૉન છે, જેમાંથી એક લૉન નાની છે. ફાળવણીમાં થયેલા વિલંબ અંગે કેન્દ્રીય આવાસ અને શહેરી કાર્ય મંત્રાલય પર આરોપ મૂકવામાં આવ્યો હતો, જેના કારણે AAP નેતાએ દિલ્હી હાઈકોર્ટનો સંપર્ક કરવો પડ્યો હતો. ત્યારબાદ, ૨૫ સપ્ટેમ્બરના રોજ, કેન્દ્ર સરકારે કોર્ટને ખાતરી આપી કે કેજરીવાલને ૧૦ દિવસની અંદર આવાસ ફાળવી દેવામાં આવશે. હાલમાં એવા સમાચાર મળી રહ્યા છે કે કેજરીવાલને સરકારી બંગલો ફાળવી દેવામાં આવ્યો છે. આ બંગલો ટાઈપ-૭ કેટેગરીનો છે, જે સરકારી આવાસોમાં બીજી સૌથી મોટી કેટેગરી ગણાય છે. સામાન્ય રીતે, ટાઈપ-૭ બંગલા ૫ વખત સાંસદ રહી ચૂકેલા વ્યક્તિઓ, કેન્દ્રીય રાજ્ય મંત્રીઓ અને દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશોને ફાળવવામાં આવે છે. જુલાઈ ૨૦૧૪ની સરકારી નીતિ મુજબ, રાષ્ટ્રીય પક્ષોના અધ્યક્ષો અથવા સંયોજકો પણ સરકારી આવાસના હકદાર છે, તેમ છતાં તેમને કઈ કેટેગરીનો બંગલો મળશે તે નીતિમાં સ્પષ્ટ કરાયું નથી. હાઈકોર્ટમાં, કેજરીવાલના વકીલે દલીલ કરી હતી કે રાષ્ટ્રીય પક્ષોના અધ્યક્ષોને પરંપરાગત રીતે ટાઈપ-૭ બંગલા ફાળવવામાં આવે છે. આ માટે તેમણે બસપા અધ્યક્ષ માયાવતીનું ઉદાહરણ આપ્યું, જેમને ગયા વર્ષે ૩૫, લોધી એસ્ટેટ ખાતે ટાઈપ-૭ બંગલો મળ્યો હતો. જોકે ખાસ વાત તો એ છે કે પૂર્વ મુખ્યમંત્રીઓને કેન્દ્ર સરકાર દ્વારા સરકારી આવાસની કોઈ સુવિધા મળતી નથી. ખરેખર, મે ૨૦૧૮માં સુપ્રીમ કોર્ટે ઉત્તર પ્રદેશના એ કાયદાને રદ કર્યો હતો જે પૂર્વ મુખ્યમંત્રીઓને આજીવન સરકારી આવાસમાં રહેવાની મંજૂરી આપતો હતો. મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપ્યા પછી, કેજરીવાલ ગયા વર્ષે સપ્ટેમ્બરથી AAPના રાજ્યસભા સાંસદ અશોક મિત્તલને ફાળવેલા સરકારી આવાસમાં રહે છે.

### ડોનાલ્ડ ટ્રમ્પ હજુ બ્રેક નહીં લગાવે

## અમેરિકામાં આયાત કરવામાં આવતા બધા મધ્યમ અને ભારે ટ્રકો પર ૨૫ ટકા ટેરિફ લગાવવામાં આવશે




। (એજન્સી) નવી દિલ્હી તા.૮ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક મોટી આર્થિક જાહેરાત કરી છે. તેમણે જાહેરાત કરી છે કે, ૧ નવેમ્બર ૨૦૨૫થી અમેરિકામાં આયાત કરવામાં આવતા બધા મધ્યમ અને ભારે ટ્રકો પર ૨૫ ટકા ટેરિફ લગાવવામાં આવશે. આ પગલું અમેરિકા ફર્સ્ટ નીતિને આગળ વધારવાના ઉદ્દેશથી લેવામાં આવ્યું છે, જેથી વિદેશી કંપનીઓ પર નિર્ભરતા ઘટાડી શકાય અને ઘરેલૂ ઉત્પાદનને પ્રોત્સાહન મળે. વિદેશી કંપનીઓ પર વધશે દબાણ-ટ્રમ્પના આ નિર્ણયની સીધી અસર યૂરોપ અને એશિયાની ઘણી મોટી વાહન કંપનીઓ પર પડશે, જે અમેરિકામાં ટ્રક નિકાસ કરે છે. ૨૫ ટકા ટેરિફ લાગવાથી આ કંપનીઓના ટ્રકોની કિંમત વધી જશે, જેનાથી તેમનું અમેરિકી બજારમાં ટકી રહેવું મુશ્કેલ થઈ શકે છે. એક્સપર્ટ્સનું કહેવું છે કે, આ પગલાથી વિદેશી વાહન નિર્માતા કંપનીઓને અમેરિકામાં ફેક્ટરી લગાવવા પર મજબૂર થવું પડશે, અથવા ભાવ ઘટાડવા પડશે. તેનાથી અમેરિકા ટ્રક ઉદ્યોગને મોટો ફાયદો મળવાની આશા છે. 'મેડ ઈન અમેરિકા'ને મળશે પ્રોત્સાહન-ટ્રમ્પે કહ્યું કે, આ નીતિનો ઉદ્દેશ અમેરિકી ઓટો ઈન્સ્ટ્રીને પુનર્જીવિત કરવાનો અને દેશના લોકો માટે વધારે રોજગારની તક પેદા કરવાનો છે. તેમણે કહ્યું કે, હવે સમય આવી ગયો છે કે, આપણે પોતાના દેશમાં ઉત્પાદન કરીએ અને આપણી અર્થવ્યવસ્થાને મજબૂત બનાવીએ. માનવામાં આવી રહ્યું છે કે, આ નિર્ણય ન માત્ર ઘરેલૂ કંપનીઓ જેવી કે ફોર્ડ અને ટેસ્લાને ફાયદો આપશે, પરંતુ તેનાથી અમેરિકા મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં રોકાણ અને રોજગારની તકો વધશે. એક્સપર્ટની સલાહ અને શક્ય અસર-આર્થિક જાણકારોનું કહેવું છે કે, ટ્રમ્પનું આ પગલું અમેરિકા-ચીન અને અમેરિકા-યૂરોપની વચ્ચે નવા વ્યાપારિક તણાવને જન્મ આપી શકે છે. ઘણા દેશ આ નિર્ણયને સંરક્ષણવાદી નીતિના રૂપિયમાં જોઈ રહ્યા છે. જો કે, ટ્રમ્પ સમર્થકોનું માનવું છે કે, આ નિર્ણય અમેરિકાની આત્મનિર્ભરતાની દિશામાં ઐતિહાસિક સાબિત થઈ શકે છે.

# વિકાસ સપ્તાહ ઉજવણી ૨૦૨૫ અંતર્ગત ખેડા જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન



। (માહિતી) નડિયાદ, તા.૮ ।

વિકાસ સપ્તાહ ઉજવણી ૨૦૨૫ અંતર્ગત ખેડા જિલ્લાના પલાણા, વસો, રામપુર અને પીજ ગામ ખાતે કાર્યક્રમો યોજાયા હતા. જેમાં, વિકાસ રથના માધ્યમથી સરકારની યોજનાકીય માહિતીનો પ્રચાર પસાર કરવામાં આવ્યો હતો. વધુમાં ગ્રામજનોને વિવિધ જન કલ્યાણકારી યોજનાઓના લાભનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત સૌએ ૨૪ વર્ષના સુશાસનકાળની ફિલ્મ નિહાળી હતી. અને વિકસિત ભારત નિર્માણ માટે કાર્યો કરવા પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે સ્થાનિક વહીવટી તંત્રના અધિકારીઓ, પદાધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### કેબિનેટ બેઠકમાં મહત્ત્વનો નિર્ણય

# સુરત, ખેડા અને પંચમહાલના ગામોમાં મહત્ત્વપૂર્ણ સંપાદન, મંત્રીએ મંજૂરી આપી

। (પ્રતિનિધી) ગાંધીનગર, તા.૮ ।

રાજ્યના મંત્રીમંડળે તાજેતરમાં કેબિનેટ બેઠકમાં નવા બનાવેલા ૧૭ તાલુકાઓમાં કેટલાક ગામોમાં ફેરફાર કરવાની મંજૂરી આપી છે. આ નિર્ણય સ્થાનિક અરજદારોની રજૂઆત અને વિકાસની આવશ્યકતા ધ્યાને રાખીને લેવામાં આવ્યો છે. સુરત જિલ્લાના માંડવી તાલુકામાં કુલ ૮ ગામોમાં ગામોના હદફેર કરવામાં આવ્યા છે. સાથે જ સંતરામપુર તાલુકામાં ૩ જૂના તાલુકાઓમાં ૨૦ જેટલા ગામોમાં ફેરફાર થયો છે. ખેડા જિલ્લાની ફાગવેલ અને કપડવંજ તાલુકાઓમાં કુલ ૧૧ ગામોને નવા હદમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, સરકારે તાજેતરમાં ૧૭ નવા તાલુકાઓની જાહેરાત કરી હતી, જેમાં સ્થાનિક લોકોને પડતી અડચણો દૂર કરવા અને તંત્રની કાર્યક્ષમતા વધારવા માટે ગામોનું હદફેર કરવા માટેનું પ્રસ્તાવ લઈને કેબિનેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. મંત્રિમંડળે આ હદફેરને મંજૂરી આપી છે. નવા હદફેરથી સ્થાનિક લોકો માટે વહીવટ અને પ્રાથમિક સુવિધાઓમાં સુધારો થવાનો આશય છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં વ્યવસ્થાપન સરળ બને છે, ગ્રામજનો પોતાની ગામજાહેર હદમાં વિકાસ કાર્યો, સરકારી યોજનાઓ અને તંત્રની સેવાઓ વધુ સરળ રીતે મેળવી શકશે. વર્તમાન ફેરફારની વિગતો સુરત, માંડવી તાલુકા: ૮ ગામોનો હદફેર સંતરામપુર: ૩ તાલુકામાં ૨૦ જેટલા ગામોમાં ફેરફાર ખેડા, ફાગવેલ અને કપડવંજ: ૧૧ ગામોનો હદફેર પંચમહાલ જિલ્લામાં પણ સ્થાનિક રજૂઆતના આધારે કેટલાક ગામોના હદફેરના મુદ્દા ચર્ચામાં આવ્યા છે. સૂત્રોનું માનીએ તો - આ ફેરફાર સ્થાનિક અરજદારોની સુવિધા, વિકાસની ઝીણવટ અને તંત્રની કાર્યક્ષમતા માટે જરૂરી હતો. સાથે જ, હદફેર કર્યા પછીના ગામોના નવીન સરકારી રેકર્ડ, જમીનનો ઉપયોગ અને વિકાસના આયોજનને યોગ્ય રીતે સુધારવાની જવાબદારી જિલ્લા અને તાલુકા કચેરીઓ પર મૂકવામાં આવશે. આ નિર્ણયનો મુખ્ય હેતુ એ છે કે નવા તાલુકાઓની રચના સાથે ગામોનું હદફેર સ્થાનિક જરૂરિયાતો, વહીવટની સરળતા અને વિકાસને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે.

### જેલ સિપાહી વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરાઈ

# ભરણપોષણના ગુનામાં સજા કાપી રહેલા કેદીનું સાબરમતિ જેલમાં મોત

। (માહિતી) અમદાવાદ, તા.૮ ।

અમદાવાદની સેન્ટ્રલ જેલમાં ગત મે મહિનામાં ન્યાયિક કસ્ટડીમાં રહેલા ૩૩ વર્ષિય કેદીનું મોત થયું હતું. આ કેદીના પરિવારે જેલમાં થયેલા મોત અંગે ગંભીર આક્ષેપ કર્યા છે. કેદીના મોટાભાઈ પ્રવીણ પરમારની ફરિયાદના આધારે રાણીપ પોલીસે ગેર ઈરાદાપૂર્વક હત્યા અને દુષ્પ્રેરણાનો ગુનો નોધી તપાસ શરૂ કરી છે. અમદાવાદના બહેરામ પુરાના રહેવાસી પ્રવીણકુમાર પરમાર દ્વારા તેમના નાના ભાઈ અજયભાઈ પરમારનું જેલમાં મોત થયા અંગે રાણીપ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. અજય પરમાર અમદાવાદની સેન્ટ્રલ જેલમાં ભરણ પોષણના કેસમાં સજા કાપી રહ્યો હતો. કલોલ કોર્ટ દ્વારા ભરણપોષણના ૧.૭૧ લાખ નહીં ચૂકવવા બદલ અજય પરમારને ૨૨ મે ૨૦૨૪ના રોજ ન્યાયિક કસ્ટડીમાં મોકલ્યો હતો.છેલ્લે તે ૨૪ મેના રોજ તેના ભાઈને જેલમાં મળ્યો હતો. તેના ભાઈએ ખાતરી આપી હતી કે, ટૂંક સમયમાં બાકીની રકમ કોર્ટમાં જમા કરાવી તેને જેલમાંથી છોડાવી લેશે. જો કે, ૨૬ મેના રોજ તેને દાણીલીમડા પોલીસ તરફથી ફોન આવ્યો હતો કે, તેમના ભાઈનું મોત થયું છે અને તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા છે. ત્યાર બાદ તેનો પીએમ રીપોર્ટ આવ્યો હતો અને તેમાં મૃતદ કેદીના શરીરમાં ગંભીર ઈજા થયું હોવાનું સામે આવ્યું હતું. તેના શરીર પર ૨૯ ઈજાઓ અને બે પાંસળીઓ તૂટી હોવાનો પોસ્ટમોર્ટમ રીપોર્ટમાં ઉલ્લેખ કરાયો છે. મૃતકના ભાઈ દ્વારા નોંધાયેલ ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી દીધી છે. પોલીસ અધિકારીએ કહ્યું હતું કે, પોસ્ટમોર્ટમ રીપોર્ટમાં તેમના શરીર પર ઈજાના નિશાન જોવા મળ્યા છે. તેમનું મારઝૂડના કારણે મોત થયું હોવાનું સામે આવ્યું છે. આ કેસમાં આરોપી કોઈપણ હશે તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. મૃતક કેદીને ૩૫ માસની સજા થઈ હતી. કેદીના મૃત્યુના સંજોગો અને આ ઘટનામાં કથિત રીતે સંડોવાયેલા જેલ કર્મચારીઓની ઓળખ કરવા માટે વધુ તપાસ ચાલી રહી છે.

# વિકાસ સપ્તાહ કાર્યક્રમ-૨૦૨૫ સરકારી જિલ્લા પુસ્તકાલય નડીઆદ ખાતે વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી

। (માહિતી) નડિયાદ, તા.૮ ।

વિકાસ સપ્તાહ ઉજવણી અંતર્ગત સરકારી જિલ્લા પુસ્તકાલય નડિયાદ ખાતે યુવા સશક્તિકરણ તથા વિકાસ આધારિત પુસ્તક પ્રદર્શન યોજાયું હતુ. જયારે મંગળવારે ૦૭ ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ શ્રી નરેન્દ્રભાઈ મોદી વિકાસની રાજનીતિમાં એક નવો અધ્યાય ખોલ્યો હતો ત્યારે છેલા ૨૪ વર્ષના ગુજરાતના વિકાસની ગાથાના ભાગ રૂપે વિકાસ સપ્તાહની ઉજવણી ઓક્ટોબર ૨૦૨૫ કરવામાં આવી રહી છે. રમત ગમત યુવા અને સાંસ્કુતિક પ્રવૃતિ વિભાગ, ગ્રંથાલય ખાતું ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા સરકારી જીલ્લા પુસ્તકાલય નડીઆદ, ડી-બ્લોક બીજે માળ સરદાર ભવન નડીઆદ ખાતે નિયામક ગ્રંથાલય ગુજરાત રાજ્ય ગાંધીનગર અને જીલ્લા વિકાસ અધિકારીશ્રી ખેડા જીલ્લા ના માર્ગદર્શન હેઠળ વિકાસ સપ્તાહની ઉજવણી તારીખ ૦૭ થી૧૫ ઓક્ટોબર ૨૦૨૫ દરમ્યાન કરવામાં આવી રહી છે. ગતરોજ મદદનીશ ગ્રંથાલય નિયામકશ્રી અમદાવાદ શ્રી એમ.ટી.નિસરતા અને ગ્રંથપાલ શ્રી વિવેક સુથાર સરકારી જીલ્લા પુસ્તકાલય ખાતે વિકાસ સપ્તાહ ઉજવણી અંતર્ગત યુવા સશક્તિકરણ તથા વિકાસ આધારિત પુસ્તકનું પ્રદર્શન નડીઆદની જનતા અને સંસ્થાના વાચકો માટે ખૂલું મુકવામાં આવ્યું હતું. તેમાં ૧૫૦ થી વધુ નગરજનો અને વાચકો એ પુસ્તક પદર્શન નિહાળ્યું હતું, ત્યાર બાદ સરકારી જીલ્લા પુસ્તકાલયમાં વિકાસ શપથનું આયોજન કરવામાં આવ્યું હતુ. ગતરોજ સરકારી જીલ્લા પુસ્તકાલય,નડીઆદ ખાતે વિકાસ સપ્તાહ ઉજવણી અંતર્ગત નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિકસિત ભારત જ૨૦૪૭ મહિલા સશક્તિકરણ ગુજરાતનો છેલ્લા બે દાયકાનો વિકાસ વિષય પર આયોજન કરવામ આવ્યુ હતુ. જેમાં વાંચનાલયમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ૧૫ જેટલા વિધાર્થીઓ અને વિધાર્થીનીઓ ભાગ લીધો હતો. આ સમગ્ર વિકાસ સપ્તાહ ઉજવણી નું આયોજન સરકારી જીલ્લા પુસ્તકાલય નડીઆદના ગ્રંથપાલ શ્રી વિવેક સુથાર અને જીલ્લા પુસ્તકાલયના કર્મચારી ગણ દ્વારા સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતુ.

# વિકાસ સપ્તાહ ઉજવણી- દાહોદ, ગોવિંદ ગુરૂ - લીમડી તાલુકાના મીરાખેડી ખાતેથી ધારાસભ્યશ્રી મહેશભાઈ ભુરીયાએ વિકાસ યાત્રાનો પ્રારંભ કરાવ્યો



। (માહિતી) દાહોદ, તા.૮ ।

સેવા, સમર્પણ અને સુશાસનના ૨૪ વર્ષની ગૌરવપૂર્ણ વિકાસ યાત્રાની તા. ૭ થી ૧૫ ઓક્ટોબર સુધી રાજ્ય ભરમાં વિકાસ સપ્તાહ તરીકે ઉજવણી થઈ રહી છે. ત્યારે દાહોદ જિલ્લામાં ગોવિંદ ગુરુ - લીમડી તાલુકાના મીરાખેડી ખાતે આવી પહોંચેલા વિકાસ રથના વધામણાં કરવામાં આવ્યા હતા. ગોવિંદ ગુરુ- લીમડી તાલુકાના મીરાખેડી ગામે ધારાસભ્યશ્રી મહેશભાઈ ભુરીયા તથા મહાનુભાવોએ રથને આવકાર્યો હતો. ગામમાં આવેલા મીરાખેડી આઉટ પોસ્ટ ખાતે વિકાસ સપ્તાહની ઉજવણી પ્રસંગે લાભાર્થીઓને સહાય આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આંગણવાડી દ્વારા બાળક અને કિશોરીઓને પોષણ કીટ આપવામાં આવી હતી, સખી મંડળની ૪ ગૃપની બહેનોને રૂપીયા એક લાખના ચેક આપવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ૨૪ વર્ષના વિકાસ કાર્યોની વિકાસ ગાથાની શોર્ટ ફિલ્મ રજૂ કરવામાં આવી હતી જેને સૌએ નિહાળી હતી. ઝાલોદ ધારાસભ્યશ્રી મહેશભાઈ ભુરીયાએ આ પ્રસંગે કહ્યું હતું કે, ગુજરાત રાજ્ય સરકારશ્રીના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને અને સરકારશ્રીના મંત્રીમંડળના સહયોગથી વિકાસ સપ્તાહ રથનું પ્રસ્થાન કરાવી રાજ્યના અંતરિયાળ વિસ્તાર અને છેવડાના માનવી સુધી રાજ્ય સરકારે અને કેન્દ્ર સરકારની યોજનાઓની માહિતીનો પ્રચાર પ્રસાર થાય તે માટે ગામડે ગામડે વિકાસ સપ્તાહ અંતર્ગત કાર્યક્રમમાં કરવામાં આવી રહ્યા છે. દેશની શાંતિ સલામતી અને સુરક્ષા સાથે દેશના વિવિધ ક્ષેત્રોમાં વિકાસલક્ષી કાર્યની કમાન સંભાળી ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવી દેશને મહાસત્તા તરફ લઈ જવા માટે મોદી સાહેબના નેતૃત્વમાં દેશ આગળ વધી રહ્યો છે. તાલુકા વિકાસ અધિકારીશ્રી કલ્પેશ ગઢવીએ વિકાસના કાર્યોની માહિતી આપતા જણાવ્યું હતું કે રાજ્ય સરકારની અને કેન્દ્ર સરકારની જન કલ્યાણકારી યોજનાઓનો પ્રચાર પ્રસાર થાય અને જેને જરૂરિયાત હોય અને તેની પાત્રતા ધરાવતા હોય તેવા લાભાર્થીઓ સરકારશ્રી યોજનાઓનો લાભ મળે તે માટે વિકાસ સપ્તાહ અંતર્ગત વિવિધ યોજનાઓનો પ્રચાર પ્રસાર કરવામાં આવી રહ્યો છે હું જાહેર જનતાને વિનંતી કરું છું કે સરકારની યોજનાઓનો લાભ મેળવે. આ કાર્યક્રમમાં જિલ્લા સભ્યશ્રી ક્રિષ્નારાજ ભુરીયા, જિલ્લા હિસાબી અધિકારીશ્રી કાપડીયા, વિસ્તરણ અધિકારીશ્રી પંચાયત કે .જી નાયક, PSI શ્રી મીરાખેડી, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ , તાલુકા પંચાયતના પ્રમુખશ્રી, સરપંચશ્રીઓ ગામના આગેવાનો વડીલો, ICDSની બહેનો, સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# BAP મહિલા પ્રમુખ નીલમબેન વસૈયાએ ઝાલોદ હોસ્પિટલ અને શાળાના બાળકો સાથે જન્મદિવસ ઉજવ્યો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા, ૦૮ ।

ભારત આદિવાસી પાર્ટી (BAP)ના ગુજરાત મહિલા પ્રમુખ નીલમબેન એમ. વસૈયાએ પોતાના જન્મદિવસને ભવ્ય ઉજવણીથી દૂર રાખી જનસેવા સાથે જોડીને એક પ્રેરક ઉદાહરણ પૂરું પાડ્યું છે. "જનસેવા જ સૌથી મોટો ઉત્સવ છે," એ સૂત્રને સાર્થક કરતાં નીલમબેને પોતાનો વિશેષ દિવસ ઝાલોદની સરકારી હોસ્પિટલ અને પ્રાથમિક શાળાના બાળકો અને માતાઓ સાથે વિતાવ્યો હતો. જન્મદિવસની શરૂઆતમાં નીલમબેન વસૈયાએ ઝાલોદ સરકારી હોસ્પિટલની મુલાકાત લીધી હતી. જ્યાં તેમણે નવી માતાઓને ફળો અને બિસ્કિટનું વિતરણ કર્યું હતું. સાથે જ તેમણે હોસ્પિટલની સુવિધાઓ અંગે પણ ચર્ચા કરી અને માતાઓના સ્વાસ્થ્ય વિશે માહિતી મેળવી હતી. હોસ્પિટલની મુલાકાત બાદ નીલમબેને ઝાલોદની પ્રાથમિક શાળાના બાળકો સાથે સમય વિતાવ્યો હતો. તેમણે બાળકો સાથે હસી-મજાક કરી, વાતો કરી અને તેમના ભવિષ્યના સપનાઓ વિશે સાંભળ્યું હતું, જેને તેમણે પોતાના દિવસનો સૌથી મોટો આનંદ ગણાવ્યો હતો. આ પ્રસંગે નીલમબેન વસૈયાએ જણાવ્યું હતું કે, પૂર્વજો અને કુળદેવીના આશીર્વાદથી તેમની સામાજિક સેવાની આ યાત્રા ભવિષ્યમાં પણ આ જ રીતે ચાલુ રહેશે. તેમની આ માનવતાવાદી ઉજવણીએ રાજકીય કાર્યકરોને જન્મદિવસ જેવા અંગત અવસરને પણ સમાજલક્ષી બનાવવા માટે પ્રેરણા પૂરી પાડી છે.

# કેબિનેટ મંત્રીશ્રી કુંવરજી બાવળીયાએ નગરામા જૂથ પાણી પુરવઠા યોજનાની કામગીરીની મુલાકાત લઈ માર્ગદર્શન આપ્યું

। (માહિતી) નડિયાદ, તા.૮ ।

જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના કેબિનેટ મંત્રીશ્રી કુંવરજી બાવળીયાએ નગરામા ગામ સ્થિત નગરામા સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનાની મુલાકાત લઈ કામગીરીનું નિરીક્ષણ કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે નગરામાં સુધારણા જૂથ યોજના અંતર્ગત ચાલુ સંપ, ટ્રીટમેન્ટ પ્લાન્ટ સહિતની કામગીરીની મુલાકાત લઈ કામગીરી વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે હાલ ખેડા જિલ્લામાં માતર વિધાનસભા વિસ્તારમાં નગરામા સુધારણા જૂથ યોજનાનું કામ ચાલુ છે. આ કામગીરી સમયસર પૂર્ણ થાય અને આ વિસ્તારના લોકોને પીવાનું શુદ્ધ પાણી પૂરતા પ્રમાણમાં મળી રહે તે હેતુ થી મુલાકાત કરવામાં આવી છે. યોજના વિષયક બાબતોની માહિતી આપતા મંત્રીશ્રીએ જણાવ્યું કે પ્રોજેક્ટ કામગીરી દ્વારા ભાગ–૧ માં અંદાજિત ૮૨ કરોડના ખર્ચે ૨૭ અને ભાગ–૨ માં રૂ. ૨૨ કરોડના ખર્ચે ૨૩ જેટલા ગામોને પીવાનું શુદ્ધ પાણી પહોચતુ કરવાનું આયોજન છે. જેમાં, ૨૨ એમએલડી ટ્રીટમેન્ટ પ્લાન્ટ સ્ટોરેજનું કામ સમયસર પૂર્ણ કરવામાં આવશે. આ કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી જે ગામોમાં ભૂગર્ભ જળનું પાણી પીવાલાયક ના હોય અને જરૂર જણાય તેવા ગામોમાં ટેક્રરથી પણ પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત આ વિસ્તારમાં ડમ્પીંગના પ્રશ્ન બાબતે પણ મંત્રીશ્રીએ ખાતરી આપી હતી કે સ્થાનિક વહીવટી તંત્ર અને જીપીસીબી બોર્ડના સહયોગથી સત્વરે આ સમસ્યાનું નિરાકરણ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ પ્રોજેક્ટ થી લાભાર્થી ગામોને માથાદીઠ ૬૦ લીટર દૈનિકના બદલે ૧૦૦ લીટર માથાદીઠ દૈનિક ધોરણે શુદ્ધ પીવાના પાણીનો પુરવઠો મળી રહેશે. ભૂગર્ભ જળના સ્થાને પરીએજ સિંચાઈ તળાવનું પાણી ફીલ્ટર પ્લાન્ટ દ્વારા શુદ્ધ પીવાલાયક મળી રહેશે. નગરામાં સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનામાં જુની યોજનામાં સુધારો કરી, સંગ્રહ શક્તિ વધારી યોજનાને મજબુતાઇ મળી રહેશે. આ અવસરે માતર ધારાસભ્ય શ્રી કલ્પેશભાઈ પરમાર, પ્રાંત અધિકારી શ્રી સુરજ બારોટ, અગ્રણી શ્રી અપૂર્વ પટેલ,અધિક્ષક.

# વિકાસ સપ્તાહ ઉજવણી-૨૦૨૫ ધારાસભ્યશ્રી અર્જુનસિંહ ચૌહાણના અધ્યક્ષ સ્થાને ગોબલજ ગામે રાત્રિ ગ્રામસભા યોજાઈ

। (માહિતી) નડિયાદ, તા.૮ ।

વિકાસ સપ્તાહ ઉજવણી ૨૦૨૫ અંતર્ગત મહેમદાવાદના ધારાસભ્યશ્રી અર્જુનસિંહ ચૌહાણના અધ્યક્ષ સ્થાને ખેડા તાલુકાના ગોબલજ ગામે ગતરોજ રાત્રિ ગ્રામસભા યોજાઈ હતી.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ગુજરાતની વણ થંભી વિકાસ યાત્રાના સફળતાપૂર્વક ૨૪ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. જે અંતર્ગત વિકાસ સપ્તાહ ઉજવણીના ભાગરુપે આ ગ્રામસભા યોજાઈ હતી. જેમાં ગામના જાહેર પ્રશ્નો જેવાંકે UGVCL ના, સિંચાઇના,NHAI નેશનલ હાઈવેના તેમજ ગ્રામ પંચાયતના વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. આ અંગે ચર્ચાઓ કરી સ્થળ પર જ સમાધાન કરવાના પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ રાત્રિ ગ્રામસભામાં અગ્રણીશ્રી શંભુજી બારૈયા, શ્રી હેમેન્દ્રસિંહ જાદવ તેમજ સરપંચ શ્રી ઈશ્વરભાઈ પરમાર, ખેડા પ્રાંત અધિકારીશ્રી સુરજભાઈ બારોટ, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી અક્ષયભાઈ પારગી, જિલ્લા પ્રાથમિક શિક્ષણઅધિકારી શ્રી ડો.પરેશ વાઘેલા તેમજ તાલુકા વિકાસ અધિકારીશ્રી વ્રજ પટેલ, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી બી.એમ ગોહિલ અને તાલુકા આરોગ્ય અધિકારી શ્રી તેમજ તાલુકા પંચાયત ખેડાના હિમાંશુભાઈ પટેલ સહિત ગામના અગ્રણીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમે જો ભૂતકાળની ઘટનાઓ અંગે જ વિચાર્યા કરશો તો તમારી હતાશા તમારા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડી શકે છે.શક્ય હો એટલા શાંત રહેવાનો પ્રયાસ કરો. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. અણધારી જવાબદારીઓ આજના દિવસની તમારી યોજનાઓને ખોરવી નાખશે-આજે તમે તમારી જાતને અન્યો માટે વધારે અને પોતાની માટે ઓછું કામ કરતા જોશો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તમારા ખોરાક થી ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. તમે ક્યારેય ચોકલેટ સાથે આદું અને ગુલાબની સુગંધ માણી છે ? તમારૂં જીવન આઈજે તમને આવો જ સ્વાદ આપશે. આજે કરાયેલા સંયુક્ત સાહસો આગળ જતાં લાભદાયક પુરવાર થશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારી માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. તમારૂં પ્રેમ જીવન વસંતના વૃક્ષનાં પાંદડાં સમાન રહેશે. આગળ પડતા લોકો સાથે હળવા-મળવાથી તમારા સારા વિચારો અને યોજનાઓ બહાર આવશે.

**કર્ક (ડ,હ) :**

આજે તમે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે બિનજરૂરી તાણ અને ચિંતા તમારા જીવનનો રસ ચૂસી લઈ તમને શુષ્ક બનાવી શકે છે. તેનાથી મુક્ત થવું જ સારૂં છે નહીં તો આ તાણ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. કલ્પનાઓ કે તરંગ-તુક્કા પાછળ દોડશો નહીં તથા વધુ વાસ્તવવાદી બનવાનો પ્રયાસ કરો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમે રમતગમત તથા અન્ય આઉટડૉર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તમારી ખોવાયેલી શક્તિ ભેગી કરવામાં તમને મદદ મળશે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું વિચારી અને સમજી ને પૈસા જમા કરવા ની જરૂર છે. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો. તમારો ખાસ મિત્ર તમારા આંસું લૂંછશે. કામના સ્થાળે આજે બધું જ તમારી તરફેણમાં હોવાનું જણાય છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમે તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. તમારા પરિવારના સભ્યો તમારા પ્રયાસો તથા સમર્પણની સરાહના કરશે. પ્રિયપાત્રની નફરત છતાં તમારે તમારો પ્રેમ દેખાડવો જોઈએ. કોઈ બાબત કે ઘટના બને તેની રાહ ન જોતા.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમને વ્યસ્તતા છે છતાં તમારુ સ્વાસ્થ્ય સારૂં રહેશે. નાણાકીય જીવનમાં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો. તમારા વધુ પડતા ઉદાર સ્વભાવનો સંબંધીઓ ગેરફાયદો ઉપાડવાનો પ્રયાસ કરશે. તમારી જાત પર અંકુશ રાખો અન્યથા તમે છેતરાઈ શકો છો. તમારે એ સમજવું જોઈએ કે એક હદ સુધીની ઉદારતા કરી છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. તમારે હિંમત હારવાને બદલે તમે ધારેલું પરિણામ મેળવવા માટે સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે. નજીકી સંબંધીઓ ના ઘરે જવું આજે તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે તમે અન્યો વિરૂદ્ધ વેરઝેરની ભાવના પોષવાથી તમને માનસિક તાણ મળશે. તમારે આવા વિચારો ટાળવા જોઈએ કેમ કે આવા વિચારો જીવન બગાડનારા તથા તમારી ક્ષમતાનો નાશ કરનારા હોય છે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમયમાં તકલીફ તમારેજ વેઠવવી પડશે?

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું સ્વાસ્થ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે. તમારા પ્રેમ જીવનમાં નાનકડી કડવાશ માફ કરો. તમારી જાતને અભિવ્યક્ત કરવા માટે પણ આ સારો દિવસ છે.

આજે મુંબઈને જેની રાહ હતી તે પૂર્ણ થઈ : વડાપ્રધાન મોદી | આ ભારતનો સૌથી મોટો ગ્રીનફિલ્ડ એરપોર્ટ પ્રોજેક્ટ છે જે જાહેર-ખાનગી ભાગીદારી (PPP) મોડેલ હેઠળ વિકસાવવામાં આવ્યો છે : મુંબઈને પોતાનું બીજું એરપોર્ટ મળ્યું

## વડાપ્રધાને નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટના પ્રથમ તબક્કાનું ઉદ્‌ઘાટન કર્યું

| (એજન્સી) મુંબઈ, તા.૫ |

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે(૮ ઓક્ટોબર) રૂ.૧૯,૬૫૦ કરોડના ખર્ચે બનેલા નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કર્યું. આ સાથે જ મુંબઈને પોતાનું બીજું એરપોર્ટ મળી ગયું. તે તમામ ડિજિટલ સુવિધાઓ પ્રદાન કરશે. આ ભારતનો સૌથી મોટો ગ્રીનફિલ્ડ એરપોર્ટ પ્રોજેક્ટ છે જે જાહેર-ખાનગી ભાગીદારી (PPP) મોડેલ હેઠળ વિકસાવવામાં આવ્યો છે. મુંબઈ મેટ્રોપોલિટન પ્રદેશમાં બીજા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તરીકે, NMIA ભીડ ઘટાડવા અને મુંબઈને ગ્લોબલ મલ્ટી-એરપોર્ટ સિસ્ટમ (GMS) માં એકીકૃત કરવા માટે છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ (CSMIA) સાથે સહયોગમાં કામ કરશે.

એરપોર્ટના ઉદ્ઘાટન પ્રસંગે વડાપ્રધાન મોદીની સાથે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે અને અજિત પવાર હાજર રહ્યા. આ ડીબી પાટિલ નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટના નામથી ઓળખાશે. તેની સાથે જ મુંબઈ મેટ્રોની લાઈન-૩ (એક્વા લાઈન)ના અંતિમ તબક્કાનું પણ ઉદ્ઘાટન કરાયું.

ઉદ્ઘાટન બાદ પોતાના સંબોધનમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આજે મુંબઈને જેની રાહ હતી તે પૂર્ણ થઈ. મુંબઈને હવે પોતાનું બીજું ઈન્ટરનેશનલ એરપોર્ટ મળી ગયું છે. આ એરપોર્ટ, આ વિસ્તારને એશિયાની સૌથી મોટી કનેક્ટિવિટી હબ તરીકે સ્થાપિત કરવામાં મોટી ભૂમિકા નિભાવશે. આજે મુંબઈને સંપૂર્ણ રીતે અંડરગ્રાઉન્ડ મેટ્રો પણ મળી ગયું છે, તેનાથી મુંબઈની સફર વધુ સરળ થશે અને લોકોનો સમય પણ બચશે.



તેમણે કહ્યું કે, આ સમયે ભારતના નવયુવાનો માટે અગણિત અવસરોનો સમય છે. તાજેતરમાં દેશના અસંખ્ય ITI ને ઈન્ડસ્ટ્રીઝથી જોડવા માટે ૬૦,૦૦૦ કરોડની PM સેતુ યોજના શરૂ કરવામાં આવી હતી. આજથી મહારાષ્ટ્ર સરકારે સેંકડો ITI અને ટેકનિકલ શાળાઓમાં એક નવો કાર્યક્રમ શરૂ કર્યો છે. આનાથી શાળાના બાળકોને ડ્રોન, સૌર ઉર્જા અને ગ્રીન હાઈડ્રોજન જેવી અસંખ્ય નવી તકનીકોમાં તાલીમ મળી શકશે. હું મહારાષ્ટ્રના યુવાનોને મારી શુભકામનાઓ પાઠવું છું.

તેમણે કહ્યું કે, નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ એક એવો પ્રોજેક્ટ છે જે વિકસિત ભારતને પ્રતિબિંબિત કરે છે. તે છત્રપતિ શિવાજી મહારાજની ભૂમિ પર બનેલ છે, અને તેનો આકાર કમળના ફૂલ જેવો છે. તે સંસ્કૃતિ અને સમૃદ્ધિનું જીવંત પ્રતીક છે. આ નવું એરપોર્ટ મહારાષ્ટ્રના ખેડૂતોને યુરોપ અને પશ્ચિમ એશિયાના સુપરમાર્કેટ સાથે પણ જોડશે.

ઓક્ટોબરના અંત સુધીમાં આ એરપોર્ટ પર ટિકિટનું વેચાણ શરૂ થવાની ધારણા છે. આ એરપોર્ટ પરથી મુસાફરો માટે ઈન્ડિગો, અકાસા એર અને એર ઈન્ડિયા એક્સપ્રેસ ફ્લાઈટ્સ ઉપલબ્ધ થશે. ડિસેમ્બર ૨૦૨૫માં નવી મુંબઈ એરપોર્ટથી ફ્લાઈટ્સનું સંચાલન શરૂ થવાનું છે. ઓક્ટોબરના અંત સુધીમાં ટિકિટનું વેચાણ શરૂ થવાનો અંદાજ છે. ઈન્ડિગો, અકાસા એર અને એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ્સ પણ અહીંથી કાર્યરત થશે. ભારતના પ્રથમ સંપૂર્ણ ડિજિટલ એરપોર્ટમાં વાહન પાર્કિંગ સ્લોટનું પ્રી-બુકિંગ, ઓનલાઈન બેગેજ ડ્રોપ બુકિંગ અને ઈમિગ્રેશન સેવાઓનો સમાવેશ થાય છે. એરપોર્ટનું સંચાલન કરતી અદાણી એરપોર્ટ્સ હોલ્ડિંગ્સ લિમિટેડ (AAHL) ના CEO અરુણ બંસલના જણાવ્યા અનુસાર, તમને તમારા ફોન પર એક મેસેજ મળશે જેમાં તમને કેરોયુઝલ પર તમારી બેગની સ્થિતિની જાણ કરવામાં આવશે. એરપોર્ટ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને પ્રવાસીઓ માટે અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે. જેમાં ૩,૭૦૦ મીટર લાંબો રનવે, આધુનિક પેસેન્જર ટર્મિનલ અને મોટા વાણિજ્યિક વિમાનોને હેન્ડલ કરવા માટે એક અદ્યતન એર ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમનો સમાવેશ થાય છે. એરપોર્ટ જવાહરલાલ નેહરુ પોર્ટ ટ્રસ્ટ (JNPT) પોર્ટથી ૧૪ કિમી, મહારાષ્ટ્ર ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (MIDC) તલોજા ઈન્ડસ્ટ્રિયલ એરિયાથી ૨૨ કિમી, મુંબઈ પોર્ટ ટ્રસ્ટ (મુંબઈ ટ્રાન્સ હાર્બર લિંક દ્વારા) થી ૩૫ કિમી, થાણેથી ૩૨ કિમી અને ભીવંડી પાવરલૂમ ટાઉનથી ૪૦ કિમી દૂર છે.

## હવેથી તમે રિઝર્વેશન ટિકિટમાં મુસાફરીની તારીખ બદલી શકશો

| નવી દિલ્હી, તા.૫ |

મુસાફરો વારંવાર ભારતીય રેલવે પર ટ્રેનોની સંખ્યા અને સીટોની ઉપલબ્ધતા અંગે ફરિયાદ કરે છે. જો કે, આ સમસ્યાઓ સાથે, બીજી એક સમસ્યા જે ઘણીવાર મુસાફરોને પરેશાન કરે છે તે છે મુસાફરીની તારીખ. મુસાફરોને ટૂંક સમયમાં આ સમસ્યામાંથી મુક્તિ મળશે, જેનો સંકેત કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે પોતે આપ્યો છે. અચાનક બદલાતા સંજોગોમાં મુસાફરો માટે તેમની મુસાફરીની તારીખો બદલવાનું સરળ બનાવવા માટે ભારતીય રેલવે એક નવી નીતિ લાગુ કરી રહી છે. મીડિયા અહેવાલ મુજબ, કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, જાન્યુઆરી ૨૦૨૬થી શરૂ કરીને, મુસાફરો કોઈપણ વધારાના ફી વિના તેમની કન્ફર્મ ટિકિટની મુસાફરીની તારીખ ઓનલાઈન બદલી શકશે. હાલમાં, જો કોઈ મુસાફર પોતાની મુસાફરીની તારીખ બદલવા માંગે છે, તો તેણે સૌ પહેલા તો પોતાની રિઝર્વેશન ટિકિટ રદ કરવી પડે છે અને નવી ટિકિટ બુક કરાવવી પડે છે.

## ભારત ડિજિટલ દુનિયામાં બની રહ્યું છે ગેમ ચેન્જર, હવે દેશ 6G ઇન્ટરનેટ સ્પીડ માટે તૈયાર

| (એજન્સી) નવી દિલ્હી, તા.૦૮ |

નવી દિલ્હીના યશોભૂમિ કન્વેન્શન સેન્ટર ખાતે ૨૦૨૫ ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ (IMC), એશિયાનો સૌથી મોટો ટેક ઈવેન્ટ શરૂ થયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેનું ઉદ્ઘાટન કર્યું અને તેમના ભાષણમાં, તેમણે ભારતના સ્વદેશી 4G સ્ટેક પર પ્રકાશ પાડ્યો હતો, જે એક મોટી તકનીકી સિદ્ધિ માનવામાં આવી રહી છે. તેમણે તેને ભારતની સ્વદેશી ટેકનોલોજીના વિકાસમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ ગણાવ્યું હતું. પીએમ મોદીએ કહ્યું કે, આ નવી 4G સિસ્ટમ માત્ર ઝડપી ઈન્ટરનેટ સ્પીડ અને સીમલેસ કનેક્ટિવિટી પ્રદાન જ નહીં કરે, પરંતુ સેવાઓને વધુ વિશ્વસનીય પણ બનાવશે. તેમણે જણાવ્યું કે, દેશમાં 100,000 4G ટાવર સ્થાપિત




કરવામાં આવ્યા છે, જેણે વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. વધુમાં, આ મેડ-ઈન-ઈન્ડિયા 4G સ્ટેક હવે નિકાસ માટે તૈયાર છે, જે ભારતની તકનીકી ક્ષમતાઓને વિશ્વ સમક્ષ મુકે છે. છેલ્લા દાયકાના અનુભવનો ઉપયોગ કરીને, તેમણે ભાર મૂક્યો કે, દેશની ઝડપથી વિકસતી ડિજિટલ ટેકનોલોજીને ટેકો આપવા માટે આધુનિક કાનૂની માળખું આવશ્યક છે. આ દરમિયાન, સંદેશાવ્યવહાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું હતું કે, ભારતની તકનીકી મહત્વાકાંક્ષાઓ ફક્ત ૫૨ સુધી મર્યાદિત નથી. ભારત 6G માં 10% વૈશ્વિક પેટન્ટ મેળવવાનું લક્ષ્ય રાખે છે. તેમણે એમ પણ કહ્યું કે, ૨૦૩૩ સુધીમાં સેટેલાઈટ સંચાર બજાર ત્રણ ગણું વધીને આશરે $15 બિલિયન થઈ જશે. સિંધિયાએ કહ્યું કે, સેટકોમ ટેકનોલોજી જમીનથી સમુદ્ર અને અવકાશ સુધી કનેક્ટિવિટીનું વિસ્તરણ કરી રહી છે. તેમણે ભાર મૂક્યો હતો કે, આ સમગ્ર તકનીકી ક્રાંતિ પાછળ સૌથી મોટી શક્તિ ભારતના લોકો છે. ભવિષ્યમાં, ભારત વિશ્વની સૌથી મોટી ડિજિટલી સક્ષમ શક્તિ બનશે.




## ન્યુઝ બોક્ષ

### સિરપ કેટલાના જીવ લેશે? MPમાં વધુ એક માસૂમનું મોત

। (એજન્સી) મધ્યપ્રદેશ, તા.૮ ।

મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં કફ સિરપના કારણે મોતનો સિલસિલો ચાલુ છે. મધ્યપ્રદેશના છિંદવાડામાં આજે વધુ એક બાળકે કિડની ફેઈલ થતાં દમ તોડ્યો છે. છિંદવાડામાં કફ સિરપના કારણે કિડની ફેઈલ થતાં અત્યારસુધીમાં ૧૫ નિર્દોષ બાળકોએ જીવ ગુમાવ્યો છે. આ કેસમાં એક ડોક્ટરને આરોપી બનાવવામાં આવ્યા છે, જેનો IMA (ઈન્ડિયન મેડિકલ એસોસિએશન)એ વિરોધ કર્યો છે. પોલીસે આ મામલે પરાસિયાના બાળ રોગ નિષ્ણાત ડો. પ્રવીણ સોની વિરૂદ્ધ કેસ નોંધી ધરપકડ કરી છે. IMAએ આ ધરપકડનો ભારે વિરોધ કર્યો છે. એસોસિએશને તાત્કાલિક ધોરણે ડો. સોનીને મુક્ત કરવાની માગ સાથે બુધવારથી ઈમરજન્સી સેવાઓ બંધ કરી અનિશ્ચિતકાળ માટે હડતાળ પર ઉતરવાની ચીમકી આપી છે. એસોસિએશનનું કહેવું છે કે, કફ સિરપના કારણે બાળકોના મોત મામલે એક જ ડોક્ટરને આરોપી તરીકે રજૂ કરવા યોગ્ય નથી. તે તદ્દન ન્યાયની વિરૂદ્ધમાં છે. કોઈપણ પુરાવા કે તથ્યો વિના ડોક્ટરને આરોપી બનાવી અડધી રાત્રે ધરપકડ કરવી યોગ્ય નથી. દવામાં કોઈપણ ખરાબી હોય તો તેની જવાબદારી દવા બનાવનારી કંપની, કેન્દ્રીય અને રાજ્ય ડ્રગ કંટ્રોલર બોડી તથા ડ્રગ ઈન્સ્પેક્ટરની હોય છે.

### પવન સિંહ-મૈથિલી બાદ વધુ એક સ્ટારની ભાજપમાં એન્ટ્રીની શક્યતા

। (એજન્સી) બિહાર, તા.૮ ।

બિહારમાં ચૂંટણી દરમિયાન ભોજપુરી સ્ટાર અને નેતાઓની રાજકીય ખીચડી રંધાવા લાગી છે. પાવરસ્ટાર પવન સિંહ બાદ હવે જાણીતી ભોજપુરી સ્ટાર અક્ષરા સિંહે બેગૂસરાયથી ભાજપ સાંસદ ગિરિરાજ સિંહ સાથે મુલાકાત કરી છે. થોડા દિવસ પહેલાં પવન સિંહે ઉપેન્દ્ર કુશવાહા અને ગૃહ મંત્રી અમિત શાહ સાથે મુલાકાત બાદ ભગવો ધારણ કર્યો હતો. વળી, લોકગાયિકા મૈથેલી ઠાકુરે પણ ઓફર મળ્યા બાદ ભાજપમાંથી ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરી છે. ચૂંટણી દરમિયાન અક્ષરા અને ગિરિરાજની મુલાકાત બાદ અનેક પ્રકારની રાજકીય અટકળો શરૂ થઈ છે. જોકે, હજુ સુધી એ જાણ નથી થઈ શકી કે, બંને વચ્ચે મુલાકાત દરમિયાન શું વાતચીત થઈ હતી. ગિરિરાજ સિંહ સાથે મુલાકાત બાદ અક્ષરા સિંહે સોશિયલ મીડિયા પર પોતાની તસવીર શેર કરીને લખ્યું કે, 'આજે માનનીય ગિરિરાજ સિંહ સાથે શિષ્ટાચાર મુલાકાત અને આશિર્વાદ મળ્યા.' આ પોસ્ટ બાદ યુઝર્સે અક્ષરા ભાજપમાં જોડાશે તેવી અટકળો લગાવવાનું શરૂ કર્યું હતું. જોકે, અક્ષરાના સોશિયલ મીડયા પોસ્ટ બાદ બિહારનું રાજકારણ ગરમાયું છે. આ ફક્ત શિષ્ટાચાર મુલાકાત હતી કે તેની પાછળ કોઈ રાજકીય કારણ હતું તે હજુ સ્પષ્ટ નથી થયું. અક્ષરા સિંહ વર્ષ ૨૦૨૩માં પોતાના પિતા સાથે પ્રશાંત કિશોરની જન સુરાજના મંચ પર પણ જોવા મળી હતી. તેણે પ્રશાંત કિશોરના ખૂબ વખાણ કર્યા હતા.

### બહેન અવળા રસ્તે જતાં ભાઈએ ખતમ કરી નાખી

। (એજન્સી) ગોરખપુર, તા.૮ ।

યૂપીમાંથી એક ચોંકાવનારો હત્યાકાંડ સામે આવ્યો છે. ગોરખપુરમાં સોમવારે એક યુવકે પોતાની ૧૯ વર્ષીય બહેનને નહેરમાં ડૂબાડીને મારી નાખી. પછી પોલીસને બોલાવી પોતાનો ગુનો કબૂલ કરતા પહેલા એક કલાક સુધી લાશ પાસે બેઠો રહ્યો. કહેવાય છે કે ૧૨મા ધોરણમાં ભણતી નિત્યા યાદવ ત્રણ વર્ષથી એક યુવકને ડેટ કરી રહી હતી. હાલમાં જ આદિત્યએ તેને માથામાં સિંદૂર લગાવેલી જોઈ હતી. આદિત્યએ પોતાની બહેન સાથે ઘણી વાર ઝઘડો પણ કર્યો, પણ તેણે યુવક સાથે સંબંધ ખતમ કરવાની ના પાડી દીધી. રવિવારે નિત્યા ઘરમાંથી નીકળી અને પાછી આવી નહીં. બીજા દિવસે તેને પોતાના પ્રેમી સાથે નજીકની એક રેસ્ટોરન્ટમાં જોવા મળી. આદિત્યએ તેને ઘરે પાછી લાવવાની કોશિશ કરી, પણ જ્યારે નિત્યાએ ઘરે આવવાની ના પાડી તો તેને ઘરથી અઢી કિમી દૂર એક સુનસાન જગ્યા પર ઢસડીને લઈ ગયો. આદિત્યએ પોલીસને જણાવ્યું કે, તેણે પોતાની બહેન સાથે મારપીટ કરી, જેના કારણે તેના માથામાં ઈજા થઈ અને પછી તેને નહેરમાં ધક્કો મારી દીધો. તે દોઢ કલાક સુધી પોતાની બહેનની લાશ પાસે બેઠો રહ્યો અને પછી પોલીસને ફોન કરી ઘટનાની જાણ કરી. ગોરખપુરના પોલીસ અધીક્ષક જિતેન્દ્ર શ્રીવાસ્તવે જણાવ્યું કે, આદિત્યની ધરપકડ કરી લીધી અને કાનૂની કાર્યવાહી થઈ રહી છે.






પ્રતિકૂળ હવામાનને કારણે ત્રણ દિવસ માટે સ્થગિત કરાયેલી 'વૈષ્ણો દેવી' યાત્રા ફરી શરૂ થયા પછી કટરા ખાતે શ્રદ્ધાળુઓ કતારમાં રાહ જોઈ રહ્યા છે...

#### ૧૮ જિલ્લાઓને આવરી લેતા આ ચાર પ્રોજેક્ટ્સ

## વડોદરા સહિત ચાર રાજ્યોના રેલવે પ્રોજેક્ટસ ૪ અને ૬ લેન બનાવાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

કેન્દ્રીય મંત્રીમંડળે આજે મળેલી કેબિનેટની બેઠકમાં ચાર રેલ્વે પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. મંત્રીમંડળની બેઠક બાદ મીડિયા બ્રીફિંગમાં કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, "સાત રેલ્વે કોરિડોર કુલ રેલ ટ્રાફિકનો ૪૧ ટકા હિસ્સો ધરાવે છે. અમે તાજેતરમાં આ કોરિડોરને મજબૂત બનાવવા અને વધુ જોડવા માટે ઘણા પ્રોજેક્ટ્સ શરૂ કર્યા છે." તેમણે ઉમેર્યું હતું કે હવે આ કોરિડોરને ચાર લેન અને શક્ય હોય ત્યાં છ લેન સુધી વિસ્તૃત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

વર્ધા-ભુસાવલ વચ્ચે ત્રણ લેન અને ચાર લેન રેલ્વે લાઈન માટે મંજૂરી, કુલ ૩૧૪ કિમી (મહારાષ્ટ્ર), ગોંડિયા-ડોંગરગઢ વચ્ચે ચાર લેન રેલ્વે લાઈન માટે મંજૂરી, કુલ ૮૪ કિમી (મહારાષ્ટ્ર અને છત્તીસગઢ)

વડોદરા-રતલામ વચ્ચે ત્રણ લેન અને ચાર લેન રેલ્વે લાઈન માટે મંજૂરી, કુલ ૨૫૯ કિમી અંતર. (ગુજરાત અને મધ્યપ્રદેશ)

ઈટારસી-ભોપાલ-બિનાલ વચ્ચે ચાર-લાઈન રેલ્વે માટે મંજૂરી, જે કુલ ૨૩૭ કિમીનું અંતર કાપશે. (મધ્યપ્રદેશ)

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, "જેમ જેમ વધુ રેલ્વે પ્રોજેક્ટ આવી રહ્યા છે, તેમ તેમ લોજિસ્ટિક્સ ખર્ચ ઘટી રહ્યો છે. આપણા જેવા ઘણા દેશોએ, તેમની વસ્તી અને અર્થતંત્ર સાથે, રેલ્વે પર ભાર મૂક્યો છે કારણ કે તે પર્યાવરણને અનુકૂળ છે અને ખર્ચ ઘટાડવામાં પણ મદદ કરે છે."

મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ગુજરાત અને છત્તીસગઢ રાજ્યોના ૧૮ જિલ્લાઓને આવરી લેતા આ ચાર પ્રોજેક્ટ્સ, ભારતીય રેલ્વેના હાલના નેટવર્કને આશરે ૮૯૪ કિમી સુધી વિસ્તૃત કરશે. કેન્દ્ર દ્વારા મંજૂર કરાયેલ મલ્ટી-ટ્રેકિંગ પ્રોજેક્ટ આશરે ૮૫.૮૪ લાખની વસ્તી ધરાવતા આશરે ૩,૬૩૩ ગામડાઓ અને બે જિલ્લાઓ (વિદિશા અને રાજનાંદગાંવ) સાથે કનેક્ટિવિટી વધારશે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, "હવે પરિસ્થિતિ બદલાઈ રહી છે. અમે લોકોમોટિવના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો કર્યો છે. અમે દર વર્ષે ૧,૬૦૦ લોકોમોટિવનું ઉત્પાદન કરી રહ્યા છીએ, જે યુરોપ અને ઉત્તર અમેરિકાના સંયુક્ત ઉત્પાદન કરતા વધુ છે. અમે દર વર્ષે ૭,૦૦૦ કોચનું ઉત્પાદન કરી રહ્યા છીએ, જે યુરોપ, ઉત્તર અમેરિકા અને જાપાનના સંયુક્ત ઉત્પાદન કરતા વધુ છે."

#### UPI PIN માટે નવો નિયમ લાગુ

## UPI PIN ભૂલી ગયા? હવે ચહેરા અને બાયોમેટ્રિકથી પેમેન્ટ થશે

### આ પગલું RBI ના નિયમો અને માર્ગદર્શિકા પ્રમાણે છે, જે એક વૈકલ્પિક ઓથેંટિકેશનની મંજૂરી આપે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

દેશમાં ડિજિટલ પેમેન્ટને સરળ અને વધુ સુરક્ષિત કરવાની દિશામાં મોટું પગલું ભરવામાં આવ્યું છે. હવે યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) થી લેવડ- દેવડ કરનારા યુઝર્સે પૈસા ટ્રાન્સફર કરવા માટે PIN નંબર નાખવાની જરુર નહી રહે. તેના બદલે હવે તમારો ચહેરો અથવા ફિંગરપ્રિન્ટ દ્વારા તમારા ટ્રાન્ઝેકશનને મંજૂરી આપી શકશો. આ નવી સુવિધા ૮ ઓક્ટોબરથી લાગુ થવા જઈ રહી છે. આ પગલું RBIના નિયમો અને માર્ગદર્શિકા પ્રમાણે છે, જે એક વૈકલ્પિક ઓથેંટિકેશનની મંજૂરી આપે છે. NPCI આ ફીચરને ગ્લોબલ ફિનટેક ફેસ્ટિવલ, મુંબઈમાં પ્રદર્શિત કરવા જઈ રહ્યું છે. જેમાં ડિજિટલ પેમ્ન્ટ્સ અને ઝડપી, સુરક્ષિત અને સુવિધાજનક બનશે. મીડિયા રિપોર્ટ પ્રમાણે, આ નવી સુવિધા ભારત સરકારની આધાર સિસ્ટમમાં સંગ્રહિત બાયોમેટ્રિક ડેટાનો ઉપયોગ કરીને ચુકવણીઓને પ્રમાણિત કરે છે. એટલે કે, વપરાશકર્તાઓના ચહેરા અથવા ફિંગરપ્રિન્ટ્સ તેમના આધાર ડેટા સાથે મેચ




કરવામાં આવશે, જેથી પેમેન્ટની મંજૂર મળી જશે. ઉલ્લેખનીય છે કે, આ પગલું ભારતીય રિઝર્વ બેંક (RBI) ના હાલની માર્ગદર્શિકા પ્રમાણે છે. જેમાં ડિજિટલ ટ્રાન્ઝેક્શનો માટે વૈકલ્પિક પ્રમાણીકરણ પદ્ધતિઓને મંજૂરી આપવામાં આવી હતી. જેનાથી ડિજિટલ ચુકવણીમાં સુરક્ષા અને યુઝર્સના અનુભવ બંનેમાં સુધારો થવાની અપેક્ષા છે.હાલમાં દરેક UPI ટ્રાન્ઝેક્શન માટે ૪- અથવા ૬-અંકનો PIN દાખલ કરવો જરૂરી છે. હવે નવી સુવિધા લાગુ થઈ જાય, પછી ફેસ સ્કેન અથવા ફિંગરપ્રિન્ટ સેન્સરનો ઉપયોગ કરીને તરત પેમેન્ટ કરી શકશો.



મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર યુકેના વડા પ્રધાન કીર સ્ટાર્મરના આગમન પર તેમની સાથે વાતચીત કરી રહ્યા છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તેમને જોઈ રહ્યા છે.

## બિહારમાં NDA બાદ કોંગ્રેસ-RJD ગઠબંધનમાં પણ બેઠકો મુદ્દે ખેંચતાણ

। (એજન્સી) બહાર, તા.૮ ।

બિહાર વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર થતાંની સાથે જ રાજ્યના રાજકીય ગઠબંધનોમાં બેઠકોની વહેંચણીને લઈને આંતરિક વિખવાદ અને તણાવ શરૂ થઈ ગયો છે. નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) માં ચિરાગ પાસવાનની મુશ્કેલીઓ બાદ હવે વિપક્ષી મહાગઠબંધનમાં પણ કકળાટ શરૂ થયો છે. સૂત્રોના જણાવ્યાનુસાર, મહાગઠબંધનના મહત્ત્વના ભાગીદાર કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્કસિસ્ટ-લેનિનિસ્ટ) (CPI-ML)એ રાષ્ટ્રીય જનતા દળ (RJD) દ્વારા આપવામાં આવેલી ૧૯ બેઠકોની ઓફરને નકારી કાઢી છે. રાષ્ટ્રીય જનતા દળ (RJD)એ CPI-MLને ૧૯ બેઠકો ઓફર કરી હતી, જેમાં તેની અગાઉની કેટલીક બેઠકોની અદલાબદલીનો પ્રસ્તાવ પણ સામેલ હતો, જેને CPI-ML એ ફગાવી દીધો છે. CPI-ML પાર્ટીએ જણાવ્યું છે કે ૨૦૧૯ અને ૨૦૨૦ની ચૂંટણીમાં તેના મજબૂત પ્રદર્શનના આધારે વધુ બેઠકોની માંગ કરી રહી છે. સૂત્રો જણાવ્યાનુસાર, CPI-ML ટૂંક સમયમાં RJDને ૩૦ બેઠકોની નવી યાદી સુપરત કરશે. બેઠકોની વહેંચણીના વિખવાદ વચ્ચે મહાગઠબંધનના નેતા અને વિકાસશીલ ઈન્સાન પાર્ટી (VIP)ના વડા મુકેશ સાહનીએ દાવો કર્યો છે કે, 'ગઠબંધનમાં કોઈ મૂંઝવણ નથી.

#### લુકઆઉટ નોટિસ જાહેર, રેડની તૈયારી

## જાણીતા હેર સ્ટાયલીસ્ટ જાવેદ હબીબ પર કરોડોની છેતરપિંડીનો આરોપ

। (એજન્સી) નવીદિલ્હી, તા.૮ ।

દેશભરમાં ૯૦૦થી વધુ સલૂન અને એકેડમીઓ ધરાવતા જાણીતા હેર સ્ટાઈલિસ્ટ જાવેદ હબીબ હાલમાં કોઈ ફેશન શોને લીધે નહીં પરંતુ મોટા ઠગાઈના કેસને લઈને ચર્ચામાં છે. સંભલ પોલીસે તેમના પુત્ર અનસ હબીબ સહિત પરિવારના સભ્યો વિરુદ્ધ અત્યાર સુધીમાં 20 FIR નોંધી છે. આરોપ છે કે તેમણે ૧૦૦થી વધુ રોકાણકારો પાસેથી કરોડો રૂપિયાની ઠગાઈ કરી છે. પોલીસે દિલ્હી-મુંબઈના ઠેકાણાઓ પર દરોડાની તૈયારી શરૂ કરી છે, જ્યારે પરિવાર વિરુદ્ધ લુક આઉટ નોટિસ પણ જાહેર થઈ ચૂકી છે. પોલીસ તપાસ મુજબ, આ આખો મામલો બે વર્ષ જૂનો છે. વર્ષ ૨૦૨૩માં સંભલના સરાયતરીન વિસ્તારમાં આવેલા રોયલ પેલેસ વેંકટ હોલમાં એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન FLC (Follicile Global Company)ના નામથી થયું હતું. સ્ટેજ પર ખુદ જાવેદ હબીબ અને તેમના પુત્ર અનસ હબીબ હાજર હતા. ત્યાં હાજર



આશરે ૧૫૦ લોકોને ૫૦ થી ૭૫ ટકા નફાની લાલચ આપીને કંપનીમાં રોકાણ કરવાની ખાતરી આપવામાં આવી હતી. આ વાયદાઓ પર વિશ્વાસ કરીને ૧૦૦થી વધુ લોકોએ ૫ થી ૭ લાખ સુધીની રકમ બાઈનાન્સ કોઈન અને બિટકોઈનના નામે જમા કરાવી દીધી. જોકે, થોડા જ મહિનામાં કંપની ગાયબ થઈ ગઈ. રોકાણ કર્યાના એક વર્ષ પછી પણ રોકાણકારોને કોઈ નફો ન મળતાં તેમણે કંપનીની ઓફિસ અને હબીબ સલૂનના ચક્કર લગાવવાનું શરૂ કર્યું. જ્યારે તેમણે રકમ પાછી માગી, ત્યારે સ્થાનિક પ્રભારી સૈફુલ્લાહએ ટાળવાનું શરૂ કર્યું. ટૂંક સમયમાં જ કંપનીનું શટર ડાઉન કરી દેવાયું અને જાવેદ હબીબ તેમના પરિવાર સાથે ફરાર થઈ ગયા. સંભલ ખાતેની તેમની ઓફિસને તાળું લાગી ગયું છે. શરૂઆતમાં રાયસત્તી પોલીસ સ્ટેશનમાં હિલાલ, રેહાન, અમાન, માજિદ હુસૈન અને મોહમ્મદ નઈમ સહિતના પીડિતોએ જાવેદ હબીબ સામે લાખોની ઠગાઈનો કેસ નોંધાવ્યો. એસપી કે.કે. બિશ્નોઈએ પીડિતોને મળીને રકમ પાછી અપાવવાની ખાતરી આપી. પોલીસે તપાસનો દાયરો વધારતાં સામે આવ્યું કે આ કૌભાંડમાં ૧૦૦થી વધુ પીડિતો છે. ફરિયાદ વધતાં ૧૯ નવા કેસ નોંધાયા. અત્યાર સુધીમાં જાવેદ હબીબ, પુત્ર અનસ હબીબ, પત્ની અને કંપનીના વડા સૈફુલ્લાહ પર કુલ ૨૦ કેસ નોંધાઈ ચૂક્યા છે. સંભલ પોલીસે તેમના પર ઠગાઈ (કલમ ૪૨૦) અને ગુનાહિત ધમકી (કલમ ૫૦૬) હેઠળ કેસ નોંધ્યા છે. પોલીસ મુજબ, આ એક સૂનિયોજિત ઠગાઈ નેટવર્ક છે. કેટલાક રોકાણકારોએ પૈસા પાછા માગતા તેમને ધમકાવવામાં આવ્યા હોવાનું નિવેદન આપ્યું છે.

#### તેમાં મંદિરની પવિત્ર સંપત્તિ અને ભક્તોની શ્રદ્ધાનો સમાવેશ થાય છે, અને કોર્ટે તેને 'ગંભીર અનિયમિતતા' ગણાવી છે

## સબરીમાલા મંદિરનું સોનું ગાયબ? મોટા કૌભાંડની આશંકા

। (એજન્સી) કેરળ, તા.૮ ।

કેરળના સુપ્રસિદ્ધ સબરીમાલા શ્રી ધર્મ શાસ્ત્ર મંદિર, જે ભગવાન અયપ્પાના ભક્તોનું આસ્થાનું કેન્દ્ર છે, આ તીર્થસ્થળ ફરી એકવાર ગંભીર વિવાદનું કેન્દ્ર બન્યું છે. હકીકતમાં મંદિરના ગર્ભગ્રહમાં બંન્ને સાઈડમાં લાગેલી દ્વારપાળની મૂર્તિઓમાં લાગેલી સોનાના વરખમાં કથિત ગેરરીતિઓ અંગે ફરિયાદ સામે આવી છે. સોમવારે કેરળ હાઈકોર્ટે આ કેસમાં સંપૂર્ણ તપાસનો આદેશ આપ્યો છે. કોર્ટે એક સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ની રચના કરી છે, જે આ ઘટનાનો ઊંડાણપૂર્વક તપાસ કરશે. આ મામલો ખૂબ જ સંવેદનશીલ છે કારણ કે તેમાં મંદિરની પવિત્ર સંપત્તિ અને ભક્તોની શ્રદ્ધાનો સમાવેશ થાય છે, અને કોર્ટે તેને 'ગંભીર અનિયમિતતા' ગણાવી છે. u 9 સપ્ટેમ્બરના રોજ સબરીમાલા સ્પેશિયલ કમિશનરે હાઈકોર્ટમાં રિપોર્ટ રજૂ કર્યો ત્યારે વિવાદ સામે આવ્યો હતો. રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે, દ્વારપાલક મૂર્તિઓના સોનાના વરખવાળા તાંબાના પ્લેટોને કોર્ટની પરવાનગી વિના હટાવવામાં આવી હતી અને ચેન્નાઈના એક સુવિધામાં લઈ જવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૯ માં 'સોનાના વરખ ' ના આડમાં આ પ્લેટો ફરીથી લગાવ્યા બાદ તેનું વજન લગભગ ૪.૫૪૧ કિલોગ્રામ ઓછું થયું હતું. કોર્ટે તેને ચિંતાજનક ગણાવતાં કહ્યું કે, તે અસલી સોનાની પ્લેટોને બદલવા અથવા વેચવાનું કાવતરું કરવાનો સંકેત આપે છે. કેસની સુનાવણી દરમિયાન જસ્ટીસ વી. રાજા વિજયરાઘવન અને કે. વી. જયકુમારની બેન્ચે સબરીમાલાના મુખ્ય તકેદારી અને સુરક્ષા અધિકારી (પોલીસ અધિક્ષક) સાથે સીધી વાત કરી હતી. અધિકારી કોર્ટમાં વ્યક્તિગત રીતે હાજર હતા. તેમણે સીલબંધ પરબિડીયુંમાં પ્રારંભિક તપાસનો વચગાળાનો રિપોર્ટ રજૂ કર્યો. રિપોર્ટની સમીક્ષા કર્યા બાદ બેન્ચે તારણ કાઢ્યું કે, ગર્ભગૃહની બંને બાજુ સ્થિત દ્વારપાલક મૂર્તિઓના સોનાના વરખથી ઢંકાયેલા તાંબાના પ્લેટો અંગેના ગંભીર આરોપોની વિસ્તૃત તપાસ જરૂરી છે. કોર્ટે કહ્યું કે, આ મામલો મંદિરની પવિત્રતા અને ભક્તોની શ્રદ્ધા સાથે છેતરપિંડી છે. આ મામલાની તપાસ માટે કોર્ટે SIT ની રચના કરી છે, જેનું નેતૃત્વ કાયદો અને વ્યવસ્થાના ADGP એચ. વેંકટેશ કરશે. આ તપાસ થ્રિસુરમાં કેરળ પોલીસ એકેડેમીના સહાયક નિયામક (વહીવટ) એસ. શશિધરન (IPS) કરશે. SIT ને શક્ય તેટલી ઝડપથી તપાસ પૂર્ણ કરવાનો અને કોઈપણ કિંમતે છ અઠવાડિયામાં તેનો અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. કોર્ટે આદેશ આપ્યો છે કે તપાસ ગુપ્ત રાખવામાં આવે અને રિપોર્ટ સીધો કોર્ટમાં સુપરત કરવામાં આવે. તેમજ રાજ્ય સરકારને ત્રણ પોલીસ અધિકારીઓ - ઈન્સ્પેક્ટર અનીશ (વકથનમ પોલીસ સ્ટેશન, કોટ્ટાયમ), ઈન્સ્પેક્ટર બીજુ રાધાકૃષ્ણન (કપ્પામંગલમ પોલીસ સ્ટેશન, થ્રિસુર ગ્રામીણ) અને સહાયક સબ-ઈન્સ્પેક્ટર સુનિલ કુમાર (સાયબર પોલીસ સ્ટેશન, થાયકૌડ, તિરુવનંતપુરમ) - ની સેવાઓ SIT ને પૂરી પાડવાનો આદેશ આપ્યો છે.

### આપણી સંસ્કૃતિ કૃષ્ણની, દેવકી-યશોદા બંને માતા ગણાય

# ૮૩ વર્ષની માતાના ૬૫ વર્ષના પુત્ર સામે ભરણ પોષણના કેસમાં અદાલતનું અવલોકન

## મહેસાણાથી એક ૬૫ વર્ષીય વ્યક્તિએ નીચલી કોર્ટ દ્વારા અપાયેલા વચગાળાના હુકમ સામે સ્ટે માગતી અરજી કરી હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

૮૩ વર્ષની માતાનો ૬૫ વર્ષના પુત્ર સામે ભરણ પોષણનો કેસનો મામલો હાઈકોર્ટ સમક્ષ આવ્યો છે. આ મામલે મહેસાણા કોર્ટે સાવકી માતાને દર મહિને પાંચ હજાર ચૂકવવાનો વચગાળાનો હુકમ કર્યો હતો, જેની સામે સ્ટે માટે પુત્રે હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેમાં હાઈકોર્ટે એવી મર્મસ્પર્શી મૌખિક ટકોર કરી હતી કે,'આપણી સંસ્કૃતિ કૃષ્ણની છે, જ્યાં દેવકી અને યશોદા બંને માતા ગણાય છે.' હાઈકોર્ટે અરજી ફગાવવાનું વલણ દાખવતા અરજદાર પક્ષે સૂચના લઈ કોર્ટમાં રજૂ કરવાની રજૂઆત કરી હતી. મહેસાણાથી એક ૬૫ વર્ષીય વ્યક્તિએ નીચલી કોર્ટ દ્વારા અપાયેલા વચગાળાના હુકમ સામે સ્ટે માગતી અરજી કરી હતી. આ કેસમાં અરજદારની ૮૩ વર્ષીય સાવકી માતાએ તેની પાસેથી ભરણ પોષણ મેળવવા મહેસાણાની કોર્ટમાં કેસ કર્યો છે. જેમાં મહેસાણાની કોર્ટે સાવકા દીકરાએ સાવકી માતાને દર મહિને પાંચ હજાર રૂપિયા ભરણપોષણ ચૂકવવા વચગાળાને હુકમ કર્યો છે. દીકરાએ હાઈકોર્ટમાં સ્ટે માટે કરેલી અરજીમાં ચડેલી રકમના ૫૦ ટકા જે ૨૦ હજાર રૂપિયા જેવી થવા જાય છે, તે ચૂકવી હતી.આ અરજી સંદર્ભે હાઈકોર્ટે અરજદારને પૂછ્યું હતું કે, તમે એવું કઈ રીતે કહી શકો કે સાવકી માતાને ભરણપોષણની જરૂર નથી. અરજદાર દ્વારા જણાવાયું હતું કે, સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ સાવકી માતાને બાળક ના હોય તો જ તે સાવકા બાળકો પાસેથી ભારણ પોષણ મેળવવા હકદાર છે. અહીં સાવકી માતાને ચાર દીકરી છે. સાવકી માતા પોતાની સગી દીકરી સાથે રહે છે. અરજદારને એક સગો ભાઈ પણ છે, છતાં અરજદાર પાસે જ ભરણ પોષણ માગવામાં આવ્યું છે. કોર્ટે અરજદારને કહ્યું હતું કે, તેઓ ટેકનિકલ રીતે સાચા છે, પરંતુ શું એક પુત્રે ૮૩ વર્ષની વૃદ્ધ માતાને મદદ કરવી જોઈએ નહીં. અરજદારે કહ્યું હતું કે, તે પોતે ૬૫ વર્ષના છે અને નિવૃત્ત છે. જેથી કોર્ટે પ્રશ્ન કર્યો હતો કે શું તમને લાગે છે કે એક સિનિયર સિટીઝન કોઈ કારણ વગર આવી અરજી કરે. તમારા પિતાની બધી પ્રોપર્ટી વસિયત મુજબ દીકરાઓને મળી તો માતાની જવાબદારી પણ તમારી છે. તમે સાચા પણ છો, પરંતુ તમારી માતાની ઉંમર ૮૦ વર્ષ કરતાં વધુ છે. તેમના ખોરાકનો ખર્ચ, તેમની દવાઓના ખર્ચ કરતા પણ ઓછો હોય. અરજદારે કહ્યું હતું કે, સાવકી માતા પહેલા તેમની સાથે રહેતા હતા, પરંતુ પછી દીકરીઓ સાથે રહેવા જતા રહ્યા હતા. તે ઈચ્છે તો પુત્ર સાથે રહી શકે છે. જોકે, હાઈકોર્ટે કહ્યું હતું કે, સ્વમાન અથવા અમુક કારણોસર તેમએ આવું કર્યું હોઈ શકે, આ પ્રશ્નનું સમાધાન લાવો. અરજદારના પિતાની વસિયત મુજબ ૫ ુત્રોએ માતાનું ધ્યાન રાખવાનું છે. માતાની બધી જરૂરિયાત સારી રીતે સંતોષાય તેનો ખ્યાલ રાખવાનો છે. પ્રોપર્ટી મળી છે તો જવાબદારી પણ નિભાવો. અરજદારે કહ્યું હતું કે, તેમના પિતા દ્વારા કરાયેલી વસિયત નોટરાઈઝ નથી. જેથી હાઈકોર્ટે કહ્યું હતું કે, તો પછી તમે પ્રોપર્ટીના માલિક નથી તેમ કહી શકશો. માતા એ માતા હોય, સાવકી કે સગી નહીં. આપણે કૃષ્ણની સંસ્કૃતિ ધરાવીએ છીએ, જેમના માતા તરીકે દેવકી અને યશોદા બંને હતા. જો જવાબદારી નહીં, તો પ્રોપર્ટી કેમ. એક વખત ડોક્ટર પાસે જઈએ તો કેટલો ખર્ચ થાય. કરિયાણા અને શાકભાજીનો ભાવ ખબર છે. હાઈકોર્ટે અરજી રદ કરવાનું વલણ ધરાવતા અરજદારના વકીલ અરજદારના સૂચન મુજબ કોર્ટમાં જવાબ રજૂ કરવાની વિનંતી કરી છે.

### માલવણ નજીક ડમ્પરે કારને ટક્કર મારતાં ૪ મહિલાનાં મોત, ૧ ગંભીર

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૮ ।

સુરેન્દ્રનગર-માલવણ હાઈવે પર અકસ્માતની ઘટના સામે આવી છે જેમાં કારમાં સવાર ચાર મહિલાનાં ઘટનાસ્થળે જ મોત થયાં છે, જ્યારે એક પુરુષને ગંભીર ઈજા પહોંચતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. ચારેય મૃતકોના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા છે.મળતી માહિતી મુજબ, અલટ્રોજ કાર માલવણથી સુરેન્દ્રનગર તરફ આવી રહી હતી. આ સમયે સામેથી સુરેન્દ્રનગરથી માલવણ તરફ એક ડમ્પર માંતેલા સાંઢની માફક પૂરઝડપે આવતું હતું. આ ડમ્પરે કારને ટક્કર મારતા, કારમાં સવાર ચાર મહિલાનાં સારવાર મળે એ પહેલાં જ ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યાં હતાં. આ ગોઝારા અકસ્માતની ઘટનાના પગલે લોકોનાં ટોળેટોળાં બનાવના સ્થળે એકઠા થઈ ગયાં હતાં.મળતી માહિતી મુજબ આ તમામ લોકો પાટડી તાલુકાના ધામા સ્થિત શક્તિ માતા મંદિરથી દર્શન કરી વણા શક્તિ માતાના મંદિરે દર્શન કરવા જતા હતા.

### માત્ર ૧૦ લાખની લીધી લોન!

# સુરતની એક કામવાળીએ ખરીદ્યો ૬૦ લાખનો ફ્લેટ

## સુરતની એક ઘરેલું સહાયકે સ્માર્ટ બચત અને રોકાણથી ૬૦ લાખનો ફ્લેટ ખરીદ્યો છે : કહાની વાયરલ થઈ છે

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

ભારતમાં ઘર ખરીદવું બધા લોકો માટે એક સપના સમાન હોય છે. પ્રોપર્ટીની મોંઘી કિંમતો, બેંકના હપ્તા અને ઈન્ટીરિયર ખર્ચ તેને વધુ પડકારજનક બનાવે છે. તેવામાં જ્યારે એક કન્ટેન્ટ ક્રિએટરની ઘરેલું સહાયક (house help) એ માત્ર ૧૦ લાખ રૂપિયાની લોનમાં સુરતમાં ૬૦ લાખ રૂપિયાનો 3BHK ફ્લેટ ખરીદ્યો તો સોશિયલ મીડિયા પર બધા ચોંકી ગયા. કન્ટેન્ટ ક્રિએટર નલિની ઉંગારે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે તેની કામવાળી સવારે ખુશથી ચમકી ઉઠેલા ચહેરા સાથે આવી અને કહેવા લાગી કે તેણે સુરતમાં ૬૦ લાખનો ફ્લેટ ખરીદ્યો છે. આ સાથે તેણે ૪ લાખ રૂપિયા ફર્નીચર પર ખર્ચ કર્યા અને માત્ર ૧૦ લાખ રૂપિયાની લોન લીધી. નલિનીએ કહ્યું- હું ખરેખર ચોંકી ગઈ જાણવા પર સામે આવ્યું કે આ તેની પ્રથમ સંપત્તિ નથી. મહિલા પોતાના ગામમાં બે માળના ઘર અને એક દુકાનની માલકિન છે, જે ભાડા પર છે. નલિનીએ કહ્યું કે આ સાંભળી તે દંગ રહી ગઈ, આ સ્થિતિ ઓનલાઈન યુઝર્સની પણ છે. સોશિયલ મીડિયા પર યુઝર્સ તેની નાણાકીય સમજદારી અને બચતના વિચારની પ્રશંસા કરી રહ્યાં છે. નલિનીએ સ્પષ્ટ કર્યું કે આ કોઈ જાદૂ કે ભાગ્ય નહીં, પરંતુ સમજદારીથી બચત કરવી અને ખોટા ખર્ચથી બચવાનું પરિણામ છે. તેણે કહ્યું કે હંમેશા સમાજમાં તે ધારણા હયો છે કે ઘરેલું કામ કરનાર ગરીબ ગોય છે, પરંતુ ઘણા લોકો પૈસા સંભાળી, બચત કરી જીવનમાં મોટા નિર્ણય લે છે. કેટલાક યુઝર્સે પોતાના અનુભવ જણાવ્યા, જેમ કે તેના વિસ્તારમાં ચાનો સ્ટોલ રાખનાર વ્યક્તિ બે બંગલાનો માલિક છે અને તેના બાળકો વિદેશમાં અભ્યાસ કરે છે, પરંતુ તે સાદગીથી જીવન જીવે છે. કુલ મળી આ કહાનીથી તે શીખ મળે છે કે મોટી સંપત્તિ અને આરામદાયક જીવન માટે દેખાડા જરૂરી નથી. સતત બચત, સાચી જગ્યાએ રોકાણ અને ધૈર્યથી ગમે તે નાણાકીય લક્ષ્ય હાસિલ કરી શકાય છે. પરંતુ તે સાદગીથી જીવન જીવે છે. કુલ મળી આ કહાનીથી તે શીખ મળે છે કે મોટી સંપત્તિ અને આરામદાયક જીવન માટે દેખાડા જરૂરી નથી. સતત બચત, સાચી જગ્યાએ રોકાણ અને ધૈર્યથી ગમે તે નાણાકીય લક્ષ્ય હાસિલ કરી શકાય છે.

### અમદાવાદના પરિવારને પાટડીમાં નડ્યો અકસ્માત, ૪ લોકોનાં મોત

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૮ ।

પાટડીમાં એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. કાર અને ડમ્પર વચ્ચે અકસ્માત સર્જાતા ૪ લોકોનાં મોત નીપજ્યા છે. જ્યારે કાર ચાલક સારવાર હેઠળ છે. સામેધામા ખાતેથી દર્શન કરીને પરત ફરતા હતા, ત્યારે અકસ્માત નડ્યો હતો. કારમાં સવાર લોકો લખતરના ડેરવાળાના વતની અને હાલ અમદાવાદમાં રહેતા હતા. અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. જ્યારે પોલીસ દ્વારા અકસ્માતને લઈને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.પ્રાથમિક રીતે મળતી માહિતી અનુસાર, મૂળ લખતરના ડેરવાળાના વતની અને હાલ અમદાવાદ રહેતો પરિવાર સામેધામા ખાતે આવેલા શક્તિ માતાજીના મંદિરે દર્શન કરી પરત ફરી રહ્યો હતો, ત્યારે પાટડી તાલુકાના ઝેઝરી ગામ પાસે અકસ્માત સર્જાયો હતો. કારમાં પરત ફરતી વખતે ઝેઝરી ગામ પાસે ડમ્પર સાથે અકસ્માત સર્જાયો હતો.

# ચંડોળા તળાવના ભારતીય નાગરિકોને ઘર આપવા માગ

## મણિનગર દક્ષિણ ઝોન ઓફિસ ખાતે વિપક્ષના નેતા સાથે ચંડોળાવાસીઓને એકત્ર થઈને વિરોધ નોંધાવ્યો હતો

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

અમદાવાદના ચંડોળા તળાવની જગ્યામાં ગેરકાયદે કરાયેલા બાંધકામો દૂર કરાયા હતા. આ પછી મ્યુનિસિપલ કોર્પોરેશને વર્ષ ૨૦૧૦ પહેલા રહેનારા અને રહેઠાણના દસ્તાવેજ ધરાવતા લોકો પાસે મકાન આપવા મામલે અરજી મંગાવી હતી. જોકે, લોકોની અરજી પર યોગ્ય નિકાલ ન આવતા, આજે (૮ ઓક્ટોબર) મણિનગર દક્ષિણ ઝોન ઓફિસ ખાતે મોટી સંખ્યામાં અરજદારો એકઠા થઈને વિરોધ નોંધાવ્યો હતો.

મળતી માહિતી મુજબ, મણિનગર દક્ષિણ ઝોન ઓફિસ ખાતે વિપક્ષના નેતા સાથે ચંડોળાવાસીઓને એકત્ર થઈને વિરોધ નોંધાવ્યો હતો. જેમાં વિપક્ષના નેતાએ જણાવ્યું હતું કે, તંત્ર દ્વારા ચંડોળા ખાતે ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં છેલ્લા ૫૦ વર્ષથી વધુ રહેતા ભારતીય નાગરિકોના મકાન પણ તોડી પાડવામાં આવ્યા હતા, જોકે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ લોકોને વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે ઈઉજી આવાસ યોજના હેઠળ મકાન આપવાનું નક્કી કર્યુ હતું. જેમાં લોકો પાસેથી અરજી મંગાવામાં આવતા ૨૩૦૦ જેટલા લોકોએ અરજી કરી હતી. પરંતુ આ મામલે યોગ્ય કાર્યવાહી કરવામાં આવી નથી.

વિરોધ પ્રદર્શન લોકોનું કહેવું છે કે, તંત્રએ આવાસ માટે ૩ લાખ કુલ ૧૦ હપ્તામાં ભરવાનું જણાવેલું છે. પરંતુ ગરીબ પરિવારમાંથી આવતા લોકો આર્થિક રીતે સદ્ધર ન હોવાથી મહિનાના ૩૦૦૦૦ કઈ રીતે ભરી શકે. એટલે હપ્તાની સમય મર્યાદા વધારીને કુલ ૩૬ મહિના કરવામાં આવે...

ચંડોળા તળાવ પાસે અમદાવાદનું સૌથી મોટું ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ચંડોળા તળાવની આસપાસ આશરે ૧૨ હજાર દબાણો દૂર કરવામાં આવ્યા છે. ડિમોલિશન પહેલા ચંડોળા તળાવ મકાનો-ઝૂંપડાથી ઘેરાયેલું હતું.

### રાજકોટના ST બસ સ્ટેન્ડમાં ૬૫ વર્ષના વૃદ્ધે જીવ ગુમાવ્યો

। (એજન્સી) રાજકોટ, તા.૮ ।

રાજકોટના એસ.ટી. બસ સ્ટેન્ડ ખાતે આજે એક અત્યંત દુઃખદ અને ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં મુસાફરોની સલામત સવારી ગણાતી સરકારી બસ જ એક વૃદ્ધ માટે યમદૂત બની હતી. કારણ કે બ્રેક ફેલ થવાના કારણે થયેલા અકસ્માતમાં એક વ્યક્તિનું કરુણ મોત નીપજ્યું છે. આ અકસ્માત રાજકોટ-જસદણ-બોટાદ રૂટની સરકારી બસમાં સર્જાયો હતો. બસ સ્ટેન્ડ પર ઊભેલી આ બસની અચાનક બ્રેક ફેલ થઈ જતાં ડ્રાઈવરે બસ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. કાબૂ બહાર થયેલી બસ અનિયંત્રિત રીતે આગળ ધપી હતી. જેના કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં ૬૫ વર્ષના દિનેશભાઈ મારવાણીયા નામના વૃદ્ધ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટનાથી બસ સ્ટેન્ડ પર ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બસ સ્ટેન્ડ જેવી સુરક્ષિત જગ્યાએ બ્રેક ફેલ થવાના કારણે અકસ્માત થતાં મુસાફરોની સુરક્ષા પર ગંભીર સવાલો ઊભા થયા છે.

### મહેસાણામાં હચમચાવી નાંખે તેવી ઘટના

# સગીરા પર ૬ યુવકોએ વારાફરતી આચર્યું દુષ્કર્મ

## આ કેસમાં પોલીસે તમામ ૬ આરોપીઓને દબોચી લીધા

। (એજન્સી) મહેસાણા, તા.૮ ।

એક હચમચાવી દેનારી ઘટના સામે આવી છે મહેસાણા જિલ્લાના વિસનગરથી. જ્યાં ધોરણ-૯માં અભ્યાસ કરતી એક સગીરા પર ચાર દિવસના ગાળામાં ૬ જેટલા નરાધમોએ વારંવાર સામુહિક દુષ્કર્મ આચર્યો છે. આ કેસમાં પોલીસે અત્યંત ઝડપથી કાર્યવાહી કરીને તમામ ૬ આરોપીઓને દબોચી લીધા છે. સગીરાને ધમકી આપવામાં આવી હતી, પરંતુ પરિવારની હિંમતથી આખો મામલો સામે આવ્યો છે. ચાલો જોઈએ શું હતું સમગ્ર મામલો? આ ચોંકાવનારી ઘટનાની શરૂઆત થાય છે ૪ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ. વિસનગરની એક શાળામાં ધોરણ-૯માં ભણતી સગીરા પેપર આપીને સાંજે ઘરે આવી હતી. તેની બહેનપણીએ તેને રાત્રે નવ વાગ્યે ત્રણ ટાવર પાસે મળવા બોલાવી હતી. સગીરા તેની માતાને બહેનપણીનો જન્મદિવસનું કહીને ઘરેથી નીકળી રાત્રે આશરે સાડા નવેક વાગ્યે ત્રણ ટાવર નજીક બે છોકરાઓ બુલેટ મોટર સાયકલ લઈને આવ્યા. તેઓએ સગીરાને બેસાડી આંટો મારવા જવાનું કહ્યું. વિશ્વાસ મૂકીને સગીરા તેમની સાથે બેસી ગઈ. આ બન્ને છોકરાઓ તેને કન્યા વિધાલય થઈ, ઉમિયા માતાજીના મંદિર આગળ થઈ પીંડારીયા તળાવની બાજુના રોડે લઈ ગયા. ત્યાં એક અંધારી જગ્યાએ ખેતરમાં લઈ જઈને બુલેટ ચલાવતા પવન ઠાકોર અને પાછળ બેઠેલા વિજય ઠાકોરએ વારાફરતી તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યો. પ્રથમ બે આરોપીઓ ગયા પછી, ત્યાં રાજ ઠાકોર નામનો ત્રીજો છોકરો આવ્યો. રાજ ઠાકોરે પણ સગીરાની ના હોવા છતાં તેની સાથે બળજબરીથી દુષ્કર્મ કર્યું. રાજ ઠાકોરના ગયા બાદ તરત જ તેના કાકાનો દીકરો હોવાનું જણાવીને ચોથા એક ઈસમે પણ સગીરા સાથે બળજબરી કરી ત્યારબાદ રાજ ઠાકોર અને એક બીજો ઈસમ સગીરાને એક્ટિવા પર બેસાડીને આશરે રાત્રે બાર વાગ્યે ત્રણ ટાવર પાસે ઉતારીને જતા રહ્યા.

### પાણીના ૩૪૮ નમૂના તપાસ માટે મોકલાયા, ૨ અનફીટ જાહેર

# શહેરમાં ૪ દિવસમાં જ કમળાના ૩૭, ડેન્ગ્યૂના ૫૧ કેસ નોંધાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

અમદાવાદ શહેરમાં ઓક્ટોબર માસના ૪ દિવસમાં જ કમળા અને ડેન્ગ્યૂનો હાહાકાર ફેલાયો છે. ઓક્ટોબરમાં શહેરમાં કમળાના ૩૭ અને ડેન્ગ્યૂના ૫૧ કેસ સામે આવ્યા છે. પાણીજન્ય રોગચાળાના કેસોની સંખ્યામાં સતત થઈ રહેલા વધારાને પગલે પાણીના સેમ્પલ લઈ તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. જેમાં ૨ સેમ્પલ અનફીટ જાહેર થયા છે. શહેરમાં ઓક્ટોબરના ૪ દિવસમાં જ પાણીજન્ય રોગચાળાના મોટા પ્રમાણમાં કેસો નોંધાયા છે. ૪ દિવસમાં જ શહેરમાં કમળાના ૩૭ કેસ, ઝાડા-ઉલ્ટીના ૪ દિવસમાં ૨૪ કેસ અને ટાઈફોઈડના ૨૫ કેસ નોંધાયા છે. પાણીજન્ય રોગચાળાના કેસો સામે આવતા કોર્પોરેશન દ્વારા ઓક્ટોબરમાં જ ૮૫૭ પાણીના સેમ્પલ લઈને તપાસ માટે મોકલાયા હતા. જેમાંથી ૨ સેમ્પલ અનફીટ જાહેર થયા છે. આ સાથે ચાલુ વર્ષે પાણીના કુલ ૬૨ હજાર કરતા વધુ સેમ્પલની ચકાસણી કરાઈ હતી અને તેમાંથી ૫૬૯ સેમ્પલ અનફીટ જાહેર થયા હતા. પાણીજન્ય રોગચાળા સાથે મચ્છરજન્ય રોગચાળામાં ડેન્ગ્યુનો હાહાકાર જોવા મળ્યો છે. ઓક્ટોબર માસના ૪ દિવસમાં શહેરમાં ડેન્ગ્યૂના ૫૧ કેસ સામે આવ્યા છે. આ સાથે શહેરમાં ચાલુ વર્ષમાં ડેન્ગ્યૂના કેસોની સંખ્યા ૧૨૩૪ પર પહોંચી ગઈ છે.

### શખ્સે ચારેક માસ પહેલા યુવતીને સ્નેપચેટમાં રિકવેસ્ટ મોકલી હતી

# કિશોરીને સોશિયલ મીડિયાથી ફસાવી, ધમકી આપી દુષ્કર્મ ગુજાર્યું

## આ મામલે કિશોરીએ પરિવારને જાણ કરતા વેજલપુર પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

અમદાવાદના જુહાપુરામાં રહેતી કિશોરી સાથે નરાધમે સોશિયલ મીડિયાથી સંપર્ક કરીને વાતચીત શરૂ કરી હતી. આરોપીએ નામ બદલીને કિશોરીને લગ્નની લાલચ આપીને શારીરિક સંબંધ બાંધ્યા હતા. આરોપીએ કિશોરી સાથેના અંગત પળોના ફોટા પાડીને વાયરલ કરવાની ધમકી આપી અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું. અવાર નવાર કિશોરીને વીડિયો કોલ કરીને કપડાં ઉતારવા મજબૂર કરતો હતો. આખરે કંટાળીને આ મામલે કિશોરીએ પરિવારને જાણ કરતા વેજલપુર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.જુહાપુરામાં રહેતી કિશોરી સાથે એક શખ્સે ચારેક માસ પહેલા સ્નેપચેટમાં રિકવેસ્ટ મોકલી હતી. શખ્સે તેનું નામ બદલીને એકાઉન્ટ બનાવ્યું હોવા અંગે કિશોરી જાણતી નહોતી. કિશોરીએ રિકવેસ્ટ સ્વીકાર્યા બાદ વાત શરૂ કરી હતી. શખ્સે આ કિશોરીને લગ્નની લાલચ આપી હતી. એક દિવસ કિશોરીના ભાઈને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યો ત્યારે આ શખ્સ કિશોરીના ઘરે આવ્યો હતો. જ્યાં તેણે શરીર સંબંધ બાંધીને કિશોરીના ફોટો પાડી લીધા હતા. ફોટોના આધારે બ્લેકમેલ કરીને ગાળાગાળી કરીને કિશોરીને જબરજસ્તી વાત કરવા મજબૂર કરી હતી. ફરી એક વાર શખ્સ કિશોરીના ઘરે આવ્યો હતો અને ફોટો વાયરલ કરવાની ધમકી આપીને સંબંધ બાંધ્યો હતો. બાદમાં એક ગ્રાઉન્ડમાં બોલાવીને કિશોરીને અડપલાં કર્યા હતા. આરોપી કિશોરીને વીડિયો કોલ કરીને કપડાં ઉતારવા મજબૂર કરતો હતો. એક દિવસ આરોપીએ તેનું સાચુ નામ કહેતા કિશોરીના પગ નીચેથી ધરતી ખસી ગઈ હતી.

